સુવિચાર
વ્યકિત સમયની મહત્તા સમજે નહીં તો, કાગળ પરના વિચારોની જેમ જ સીમીત રહે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૮/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૦૪

## નાગરિકોએ માતૃભૂમિનાં વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કર્યા

# અમરેલી જિલ્લાનો ગ્રામ્ય વિસ્તાર રાષ્ટ્રભકિતનાં રંગે રંગાયો

### શિલાફલકમ, માટીને નમન, વીરોને વંદન, સેલ્ફી, વૃક્ષારોપણ સહિતનાં કાર્યક્રમો યોજાયા

### નાની કુંકાવાવ અને સાજીયાવદર ખાતે નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાયા

### સાવરકુંડલા શહેરમાં ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાયા

### સંતો-મહંતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ, મહિલાઓ, યુવાનો અને ખેડૂતો પણ દેશભકિતનાં રંગે રંગાયા





અમરેલી, તા. ૧૦

સ્વાતંત્ર્ય પર્વના અવસરે માતૃભૂમિનાં વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કરવાના હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર ધ્વારા આગામી તા. ૩૦ ઓગષ્ટ ૨૦૨૩ સુધી સમગ્ર દેશમાં "મારી માટી, મારો દેશ" કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જિલ્લામાં "મારી માટી મારો દેશ" "માટીને નમન વીરોને વંદન" અભિયાનમાં જોડાવાની સાથે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને જિલ્લાનાં વિવિધ વિસ્તારોમાં નાગરિકોએ માતૃભૂમિના વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કર્યા હતા. અમરેલી જિલ્લામાં પંચાયત સ્તરે જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. જેમાં અમરેલી જિલ્લાનાં નાની કુંકાવાવ અને સાજીયાવદર ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાયા હતા. સાવરકુંડલા નગરમાં સાવરકુંડલા–લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લાના વિવિધ ગામોમાં પદાધિકારીઓ, અધિકારીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ, પોલીસ અધિકારીઓ, જવાનો, સંતો–મહંતો, સામાજિક કાર્યકરો, વેપારીઓ, મહિલાઓ, યુવાનો, ખેડૂતો સહિત સમાજના બહુધા વર્ગની સ્વયંભૂ હાજરીમાં કાર્યક્રમો યોજાય હતા. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં તમામ ગ્રામ પંચાયતોમાં તા. ૯ થી તા. ૧૫ ઓગષ્ટ દરમિયાન ગ્રામ્ય સ્તરે આ કાર્યક્રમ યોજાશે. જયારે બ્લોક સ્તરે ૧૭ ઓગષ્ટે આ કાર્યક્રમ યોજાશે.

### બાબરા નજીક આવેલ

## કોટડાપીઠા વીડી વિસ્તારમાં આર્થિક ભીંસથી કંટાળી યુવકે કર્યો આપઘાત

### જસદણ તાલુકાનાં જંગવડ ગામનો યુવક હોવાનું ખુલ્યું

અમરેલી, તા. ૧૦

રાજકોટ જિલ્લાનાં જસદણ તાલુકાનાં જંગવડ ગામે રહેતા કાનાભાઈ રૂપાભાઈ મુંધવા નામના ૨૭ વર્ષિય યુવકે કાર લોન ઉપર લીધેલ હોય અને તે લોનનો હપ્તો દર મહિને ભરવાનો થતો હોય. પરંતુ તેમના બાળકો નાના હોય જેના ભરણપોષણનાં કારણે લોનનાં હપ્તા સમયસર ભરાતા ન હોય. જેથી આર્થિક ભીંસમાં હોવાથી પોતાની મેળે બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામની વીડીમાં ઝેરી દવા પી લેતા તેમનું મોત થયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### અગાઉનાં મનદુઃખના કારણે

## લાઠીનાં ફરસાણનાં વેપારી ઉપર જીવલેણ હુમલો થયો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૦

લાઠી ગામે રહેતા અને ફરસાણનો ધંધો કરતાં ગિરધરભાઈ પરશોતમભાઈ મકવાણાએ અગાઉ પોતાની દીકરી ભૂમી તે જ ગામે રહેતા આરોપી નિલેશ રમેશભાઈ સાકરીયાનાં મોટાભાઈ મહેશભાઈનાં ત્રાસના કારણે દવા પી મરણ ગયેલ હોય. જે બાબતે મરવા મજબર કર્યા અંગેની આઈપીસી ૩૦૬ મુજબની પોલીસ ફરિયાદ કરેલ હોય. તે કેસમાં મહેશ સાકરીયાને સજા પડેલ હોય. તે બાબતનું મનદુઃખ રાખીને આરોપી નિલેશ સાકરીયા તથા ભરત જગાભાઈ મેર નામના બન્ને આરોપીઓએ સાહેદ દિવ્યાંગ તથા આશિષભાઈનો પોતાની હવાલાવાળી ફોરવ્હીલ લઈને પીછો કરી નગરપાલિકા ઓફિસ પાસે ઉભેલ હોય. ત્યાં આવી ગિરધરભાઈ તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### કમાન્ડ કંટ્રોલ (સેન્ટર નેત્રમ્)ની મદદથી

## અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાંથી ખોવાયેલ લેડીઝ પર્સને શોધતી પોલીસ

### સીટી પીઆઈ વાઘેલાનાં માર્ગદર્શન નીચે સીટી પોલીસની કામગીરી



અમરેલી, તા. ૧૦

અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલાની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ્) ઈન્ચાર્જ પોલીસ ઈન્સ.જે.એમ.કડછા તેમજ ટીમનાં સહયોગથી અમરેલી સીટી પોલીસમાં આવેલ અરજીના અરજદાર પરપ્રાંતીય શિક્ષિકા બહેનનું હેન્ડબેગ (પર્સ) તા.૮ નાં રોજ અમરેલી. રાજકમલ ચોક ખાતે કયાંક ગુમ થયેલ હોય જે હેન્ડબેગ (પર્સ) તેમજ પર્સમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાની રજૂઆત બાદ

## અમરેલીનાં કથિત ગેરકાયદેસર ખનનની તપાસ ૧૮ ઓગષ્ટે કરાશે

### મામલતદાર, ટીડીઓ, ડીઆઈએલઆર સહિત ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૧૦

અમરેલીનાં ચકકરગઢ માર્ગની ગૌચર સર્વે નંબર ૩૩૪ પૈકી જમીનમાંથી ગેરકાયદેસર ખનન કરી રોડનાં કામે ઉપયોગમાં લેવાની મારી બાબતે તપાસ કરવા જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરેલ.

જે અનુસંધાને આગામી ૧૮ ઓગષ્ટે સવારે ૧૧ કલાકે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ડીઆઈએલઆર અને અરજદાર સહિતનાની ઉપસ્થિતિમાં તપાસ કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
ખાઈમાં પડેલો માનવી બચીને ઉપર આવી શકે, પરંતુ અદેખાઈમાં પડેલો માનવી ક્યારેય ઉપર આવી શકતો નથી.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.



## જિલ્લા પંચાયતની કારોબારી સમિતિનાં ચેરમેન નીતિન રાઠોડે રૂપિયા પાંચ લાખની ફાળવણી કરી

# બાબરા : ખંભાળાનાં રોકડીયા હનુમાન મંદિરે દીવાલ બનાવાશે

**વર્ષો બાદ આશ્રમ અને મંદિરની લાગણી અને માંગણી સંતોષાતા મહંતે આશીર્વાદ પાઠવ્યા**

**મંદિર અને આશ્રમનાં ભક્તજનોએ પણ કારોબારી ચેરમેનનો આભાર માન્યો**

**રૂપિયા પાંચ લાખની ફાળવણી બાદ કામનો શુભ પ્રારંભ પણ કરી દેવામાં આવ્યો**

**ભૂમિપૂજન પ્રસંગે મહંત પૂ. લાલદાસબાપુ અને મહંત શ્રીધરદાસબાપુએ આશીર્વચન પાઠવ્યા**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૦

બાબરા પંથકના પાંચાળ વિસ્તારનાં ખંભાળા ગામ પાસે આવેલ અને સમગ્ર પંથકમાં શ્રધ્ધાનું કેન્દ્ર ધરાવતા પૂજય બ્રહ્મલીન સંતશ્રી તુલસીદાસબાપુના આશ્રમ અને હનુમાનજી દાદાની જગ્યામાં રૂપિયા પાંચ લાખના ખર્ચે કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે આ વિસ્તારનાં જિલ્લા પંચાયતનાં સભ્ય અને કારોબારી સમિતિનાં ચેરમેન નીતિનભાઈ રાઠોડ ધ્વારા રૂપિયા પાંચ લાખની ગ્રાન્ટ ફાળવી કમ્પાઉન્ડ વોલનું ભૂમિપૂજન કરી કામ શરૂ કરાવતા સ્થાનિક સેવક સમુદાય અને લોકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

બાબરા તાલુકાના કરીયાણા જિલ્લા પંચાયતના વિસ્તાર હેઠળ આવતા ૧૭ ગામોમાં મોટાભાગનાં ગ્રામ્ય વિસ્તાર પાંચાળ છે. અહીં લાંબા સમય બાદ જિલ્લા પંચાયતના જાગૃત સભ્ય નીતિનભાઈ રાઠોડની આગવી જહેમત અને સુઝબુજથી વિકાસનાં કામોના સ્વાદ લોકોએ ચાખ્યો છે. કારણ કે મોટાભાગનાં ગાંડાઓમા રોડ, રસ્તા, દવાખાના સહિતના અન્ય પંચાયત હસ્તક તેમજ રાજય સરકાર હસ્તકના વિકાસના કામ માટે ગ્રાન્ટ મંજૂર કરાવેલ છે. આ વિસ્તાર હેઠળ આવતા જુના અને પરંપરાગત મંદિરના વિકાસ માટે પણ પુરતી જહેમત ઉઠાવી રહ્યા છે જેના ઉદાહરણ તરીકે વર્ષો જુનો તુલસીદાસબાપુનો આશ્રમ છે.

અહીં પૂજય બ્રહ્મલીન સંત શ્રી તુલસીદાસબાપુની આશ્રમમાં આવેલ શ્રી રોકડીયા હનુમાનજી દાદાની જગ્યામાં સ્થાનિક સેવક સમુદાય અને મંદિરના મહંત ધ્વારા આશ્રમની આસપાસ ફરતે દીવાલ બનાવવા રજૂઆત કરવામાં આવી હતી. જે રજૂઆત જિલ્લા પંચાયતનાં કારોબારી સમિતિનાં ચેરમેન નીતિનભાઈ રાઠોડ ધ્વારા તાત્કાલિક અસરથી રૂપિયા પાંચ લાખ દીવાલ માટે મંજૂર કરી તેનું ભૂમિપૂજન કરી કામ શરૂ કરાવતા ભાવિકો અને લોકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

આ તકે મંદિરના મહંત શ્રી પૂજય લાલદાસબાપુ અને પૂજય શ્રીધરદાસબાપુ, નગરપાલિકા બાબરાના સભ્ય અંકુરભાઈ જસાણી, ખંભાળ ગામના સરપંચ જયંતિભાઈ મેવાડા સહિત સ્થાનિક સેવકો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા ખાતે વિશ્વસિંહ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી




અમરેલી, તા. ૧૦

આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી અમરેલી જિલ્લામાં થઈ રહી છે.ને શાળાનાં બાળકો સિંહોના સવર્ધન અને સિંહો પ્રત્યે જાળવણી માટે રેલીઓ અને મુખ પર સિંહોનાં મુખોટા સાથે સાવરકુંડલા ખાતે રેલીઓ નીકળી હતીને સિંહો બચાવવા વનવિભાગ અને એન.જી.ઓ.દ્વારા જાગૃતિ રેલીઓ યોજવામાં આવી હતી. અમરેલી જિલ્લો એટલે સિંહોનો ગઢ ગણાય છે ને સિંહો બચાવવા માટે જન જાગૃતીઓ થઈ રહી છે. ત્યારે અમરેલી, રાજુલા, ખાંભા, ધારી, જાફરાબાદ અને સાવરકુંડલા શહેરોમાં વિદ્યાર્થીઓ દ્વારા રેલીઓ યોજીને સિંહો પ્રત્યેની અવરનેસ વધુ ફેલાઈ તે માટે સિંહનાં મુખોટા પહેરીને રેલીઓ યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય મહેશ કસવાળા, ડીવાયએસપી હરેશ વોરા, પી.આઈ. સોની, વનવિભાગનાં અધિકારીઓ પ્રતાપભાઈ ચાંદુ સહિત વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સહિતનાં એન.જી.ઓ. જોડાયા હતાને ગીરની શાન ગણાતા સિંહો પ્રત્યે વધુ સંવેદનાઓ વિસ્તૃત પામે તે અંગે ધારાસભ્ય મહેશ કસવાળાએ સિંહોનાં ગઢ અમરેલી જિલ્લામાં સિંહો પ્રકૃતિને ઘરેલું ગણાવ્યું હતું સિંહોએ અમરેલી જિલ્લામાં સામ્રાજય ઉભુ કર્યુ છે. ત્યારે ટુંકા દિવસોમાં સિંહોનાં ટ્રેઈન અકસ્માતની ઘટનાઓથી ૩ સિંહો મોતને ભેટયા છે. જયારે વાહન અકસ્માત સહિતની લગભગ સિંહનાં મોતની ૩૦ ઘટનાઓથી સિંહ પ્રેમીઓમાં ભારે હતાશા જોવા મળી છે ને સિંહો બચાવવા વન વિભાગ અને સરકાર વધુ જાગૃત થાય તેવો સિંહ પ્રેમીએ મત વ્યકત કર્યો હતો. સિંહોનાં માલગાડી ટ્રેઈન હડફેટ અકસ્માતો નિવારવા વન વિભાગ દ્વારા ટ્રેનની સ્પીડ ઘટાડવાની રજુઆતો અંગે સરકાર જાગૃત થાય તોજ સિંહો ટ્રેઈન અકસ્માતથી બચી શકે છે. પણ સિંહ જાગૃતિ અને વિશ્વ સિંહ દિવસ નિમિતે રેલીઓ દરમ્યાન વન વિભાગનાં અધિકારીએ સિંહોને બચાવવા માટે રેલ્વે ટ્રેક પર સ્ટાફનો વધારો કર્યો હોવાનો જવાબ આપ્યો હતો. ત્યારે એક તરફ સિંહો ટ્રેઈન અકસ્માતમાં મોતને ભેટતા હોયને બીજી તરફ વિશ્વ સિંહની ઉજવણી કરતા વન વિભાગ દ્વારા લીલીયાથી લઈને છેક પીપાવાવ પોર્ટ સુધીનાં ૫૦ કિલોમીટરનાં રેલ્વે ટ્રેક પર સિંહનાં કોરિડોરને વધુ સુરક્ષિત કરવામાં આવે તેવી પણ સિંહ પ્રેમીઓની હૈયા વરાળ અમરેલી જિલ્લમાંથી ઉઠી રહી છે ને તે વાસ્તવિકતાઓ પર સરકાર વધુ સતેજ બને તે જરૂરી છે.

## રાજુલા : વડ ગામની સીમમાં જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિંમકરસિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ અમરેલી જિલ્લામાંથી જુગાર દારૂની બદી દૂર કરવા માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગાર દારૂની કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે રાજુલા પો. સ્ટે.નાં પો.ઈન્સ. સી.એસ ગસીયાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટેશનનાં સર્વેલન્સ સ્કોડનાં સ્ટાફ દ્વારા રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારનાં વડ ગામની સીમમાંથી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા અજયભાઈ કેશુભાઈ વીંછીયા, રહે. મોટા ભમોદ્રા(તા. સાવરકુંડલા), શેલારભાઈ બચુભાઈ ધાખડા, રહે. વડ(તા. રાજુલા) વાળા ચાર પત્તાપ્રેમીઓને રોકડા રૂા. ૧૨૩૫૦ તથા હાથ બેટરી કિંમત રૂપિયા ૩૦ મળી કુલ રૂપિયા ૧૨,૩૮૦નાં મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં રાજુલા પો.સ્ટે.માં જુગાર ધારાની કલમ–૧૨ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

## કોટડાપીઠામાં ''વિશ્વ સિંહ દિવસ''ની ઉજવણી



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા



કોટડાપીઠા, તા. ૧૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ખાતે આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોટડાપીઠામાં સવારે ૯ કલાકે તાલુકા પે. સેન્ટર શાળા ખાતેથી રેલી યોજાઈ હતી. જેમાં સિંહ બચાવો, ગીર બચાવોના સ્લોગન સાથે રેલી ગામના માર્ગો પર ફરી હતી. જેમાં શાળાના છાત્રો સ્લોગન સાથે સિંહ બચાવો, ગીર બચાવોના નારા સાથે ગામના માર્ગો પર રેલી કાઢી ફર્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય અજયભાઈ તથા શાળ ાના શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી. છાત્રોએ સિંહ આપણી શાન છે. ના સૂત્રો સાથે રેલી કાઢી હતી. જેમાં કોટડાપીઠાની હાઈસ્કૂલના છાત્રો તથા શિક્ષકો તેમજ પ્લોટ શાળાના છાત્રો તેમજ આચાર્ય તેમજ શૈક્ષણિક સ્ટાફ પણ જોડાયા હતા. કાર્યક્રમ સફળ બનાવવા ત્રણેય શાળા શૈક્ષણિક સ્ટાફ આચાર્ય તથા શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

**છેલ્લા પાંચ મહિનાથી ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ**

## લ્યો બોલો : અમરેલી જિલ્લામાં જનસેવા કેન્દ્રનાં આઉટસોર્સિંગ કર્મચારીઓ પગાર વિહોણા : કોંગ્રેસ

**આગામી ચુંટણીમાં નારાજ કર્મચારીઓ નવા જુની કરે તેવા એંધાણ**



અમરેલી, તા. ૧૦

ગુજરાત રાજયમાં ભાજપનાં રાજમાં આઉટસોર્સિંગથી કામ કરતા કર્મચારીઓની દશા માઠી બેસી ગઈ છે. ગુજરાતમાં જયારથી સતાનું સુકાન ભાજપે સંભાળ્યું છે. ત્યારથી જ કર્મચારીઓનું શોષણ કરવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે. સરકારી કર્મચારીઓની ખાલી પડેલી જગ્યાઓ પર કાયમી ભરતી કરવાનાં બદલે ૧૧ માસ કરાર, આઉટસોર્સિંગથી કોન્ટ્રાકટ બેઝ કર્મચારીઓ ભરીને ભાજપનાં નેતાઓ મલાઈ તારવવાનું કામ કરી રહયા છે. અમરેલી જિલ્લામાં જનસેવા કેન્દ્રમાં આઉટસોર્સિંગથી કામ કરતા કર્મચારીઓની હાલત આજે કફોડી બની ગઈ છે. છેલ્લા પાંચ–પાંચ મહિનાથી આઉટસોર્સિંગ કર્મચારીઓ પગારથી વંચિત છે. ત્યારે આ ભાજપના શાસકોનાં પેટનું પાણી પણ હલતુ નથી, ગરીબ અને મદયમ પરિવારમાંથી આવતા આવા આઉટસોર્સિંગ કર્મચારીઓને છેલ્લા પાંચ–પાંચ મહિનાથી પગાર ન મળ્યો હોય જેથી ઘરનું ગુજરાન ચલાવવું પણ આજે મુશ્કેલ બની ગયું છે. ભાજપ સરકારના પાપે આજે સમગ્ર અમરેલી જિલ્લામાં આઉટસોસિંગથી કામ કરતા જનસેવા કેન્દ્રનાં કર્મચારીઓ છેલ્લા પાંચ મહિનાથી પગારથી વંચિત રહયા છે. જેને લીધે આઉટસોર્સિંગ કર્મચારીઓમાં આક્રોશ જોવા મળે છે. ભાજપ સરકારની કર્મચારીઓની શોષણ કરવાની નીતિનો જવાબ આગામી લોકસભા–૨૦૨૪ ની ચુંટણીમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કરીને ભાજપને જાકારો આપવાનું કામ આ આઉટસોર્સિંગ કર્મચારીઓ કરવાના છે. તેમ કોંગી પ્રમુખ મનીષ ભંડેરીએ જણાવેલ છે.

**ગીર (પુર્વ) વન વિભાગ હેઠળ તમામ રેન્જમાં ઉજવણી**

## ધારી ખાતે સરસીયા રેન્જ દ્વારા 'વિશ્વસિંહ' દિવસની ઉજવણી અંતર્ગત રેલી યોજાઈ

**ધારાસભ્ય જે.વી. કાકડીયા પણ ઉપસ્થિત રહ્યાં**




અમરેલી, તા. ૧૦

આજ રોજ ગીર (પુર્વ) વન વિભાગ હેઠળની તમામ રેન્જોમાં વિશ્વસિંહ દીવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનાં ભાગરૂપે ધારી ખાતે સરસીયા રેન્જ દ્વારા એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીનું પ્રસ્થાન દામાણી પ્રા.શાળાથી ધારાસભ્ય, જે.વી.કાકડીયા, માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીર બાપુ, નાયબ વન સંરક્ષ ગીર (પુર્વ) વન વિભાગ રાજદીપ ઝાલા, મદદનીશ વન સંરક્ષક શૈલેષ ત્રિવેદી રે. ફો. ઓ. જે. જી. વાજા, રે.ફો. ઓ. આર.એમ.સીડા, અજીતભાઈ ભટ્ટ, અતુલભાઈ કાનાણી, અતુલભાઈ દવે, (બી.આર.સી.) દામાણી શાળાનાં આચાર્ય, દ્વારા લીલીઝંડી આપી કરાવવામાં આવ્યુ હતું. આ રેલીમાં ધારીની મોટા ભાગની શાળાઓનાં બાળકો, શિક્ષકો આચાર્યઓ પત્રકાર મીત્રોએ ભાગ લીધો હતો. આ રેલીનું સમાપન દામાણી હાઈસ્કુલ ધારી ખાતે કરાવવામાં આવ્યું સમાપન પ્રસંગે, ધારાસભ્ય, મહાવીરબાપુ, પ્રાંત, મામલતદાર, ટી.ડી.ઓ. મ.વ.સં. ઉના મનીષભાઈ ઓડેદરા, અતુલભાઈ કાનાણી તાલુકા પંચાયત, પ્રમુખ, ભુપતભાઈ વાળા, જિલ્લા પંચાયત પ્રમુખ, કમળાબેન ભુવા, જિલ્લા સદસ્ય, મહિલા કોલેજ પ્રિન્સીપાલ દવે હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાઓની વિદ્યાર્થીઓએ સિંહ વિશે પોતાનાં વકતવ્ય આપ્યા હતા. તમામ બાળકોને હળવો નાસ્તો આપી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. ત્યારબાદ બપોરે ૧ કલાકે મુખ્યમંત્રીનાં ઉદબોધન કાર્યક્રમનું આયોજન કેસરી સદન ખાતે કરવામાં આવ્યું જેમાં નાયબ વન સંરક્ષક ગીર (પુર્વ) વન વિભાગ રાજદીપ ઝાલાની સાથે સરસીયા, પાણીયા અને દલખાણીયા રેન્જનાં સ્ટાફ જોડાયા હતા. ઉપરાંત સાવરકુંડલા તાલુકા, ખાંભા તાલુકા, ઉના તાલુકા વગેરેમાં પણ અન્ય રેન્જો દ્વારા વિશાળ સંખ્યામાં રેલીનું આયોજનો કરવામાં આવેલ હતા. ધારી તાલુકામાં કુલ–૧૨૦૦૦ જેટલા બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા દ્રોણેશ્વર મહાદેવ દર્શનયાત્રા યોજાઇ



અમરેલી, તા. ૧૦

સિનિયર સિટીઝન સોસાયટી છેલ્લા ૧૭ વર્ષથી ચાલતુ આ મંડળ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરે છે.

સિનિયર સિટીઝન સોસાયટી અમરેલી દ્વારા દ્રોણેશ્વર મહાદેવ દર્શન યાત્રાનું આયોજન કરવામાં આવેલ. જેનો ૫૦ જેટલા વડીલોએ લાભ લીધેલ. સ્પે. બસ દ્વારા સવારે નીકળી બસમાં ધૂન, ભજન, કિર્તન, ગીતો, ગાતા–ગાતા સૌ વડીલોએ આનંદ કર્યો. સાથે રસ્તામાં નાસ્તો કરતા કરતા દ્રોણેશ્વર દાદાના દર્શન કરવા પહોંચી ગયેલ. દાદાના દર્શન કરી સૌ વડીલોએ મધુવન ડેમના પ્રવાહમાં ધુબાકા માર્યા. ત્યાંથી પરત ફરતા વાંકુનીધાર, બુઢેશ્વર મહાદેવ, બાલાજી દર્શન કરી ધન્ય થયા.

બાદ અમરેલી પહોંચી ગણેશ હોટેલમાં સાથે ભોજન લઈ છુટા પડયા. આ પ્રવાસનું સંચાલન ટોમભાઈ, ચંપકભાઈ તથા કનુભાઈ જોષી દ્વારા ખૂબ જ સરસ રીતે કરવામાં આવેલ.

### અભિયાન થકી આઝાદી માટે પોતાના પ્રાણનું બલિદાન આપનાર સૌને યાદ કરવાનો શુભ અવસર : કૌશિક વેકરિયા

# નાની કુંકાવાવ ખાતે 'મારી માટી, મારો દેશ', 'માટીને નમન, વીરોને વંદન' કાર્યક્રમ યોજાયો

**શિલાફલકમનું અનાવરણ : રાષ્ટ્રધ્વજને સલામી આપીને હાથમાં માટી લઈને પંચપ્રાણ પ્રતિજ્ઞા લીધી**

**વસુધા વંદન અંતર્ગત ૭૫ વૃક્ષોનું વાવેતર થયું : નિવૃત્ત ફૌજીનું સન્માન કરાયું**

**રૂપિયા ૧૦ લાખનાં ખર્ચે તૈયાર થયેલ પુલનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું**

**ગામનાં સરપંચ શોભાબેન ઢોલરીયા અને બહોળી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧૦

આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં તા. ૩૦ ઓગષ્ટ ૨૦૨૩ સુધી ''મારી માટી મારો દેશ'' ''માટીને નમન વીરોને વંદન'' કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. અમરેલીનાં નાની કુંકાવાવ પ્રાથમિક શાળા ખાતે ''મારી માટી મારો દેશ'' ''માટીને નમન વીરોને વંદન'' કાર્યક્રમ સંપન્ન થયો હતો.

વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપીને હાથમાં માટી લઈને પંચપ્રાણ પ્રતિજ્ઞા લીધી હતી. વસુધા વંદન અંતર્ગત ૭૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ગામના નિવૃત્ત ફૌજી કાનજીભાઈ સરવૈયાનું સન્માન કરીને સૌએ દેશના વીર-વીરાંગનાઓને વંદન કર્યા હતા. કાર્યક્રમ પ્રસંગે નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવનાં ધારાસભ્ય વેકરિયાનાં હસ્તે નાની કુંકાવાવ ખાતે જિલ્લા પંચાયત, ૧૫ માં નાણાપંચ અનુદાન અંતર્ગત રૂા. ૧૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વેકરિયાએ કાર્યક્રમને સંબોધન કરતા જણાવ્યું કે, ''મારી માટી મારો દેશ'' ''માટીને નમન વીરોને વંદન'' અભિયાન આઝાદી માટે પોતાના પ્રાણનું બલિદાન આપનાર સૌ વીર-વીરાંગનાઓને યાદ કરવાનો શુભ અવસર છે. આ ઉપરાંત વધુમાં તેમણે જણાવ્યું કે, ભારતના તમામ સૈનિકો રાત દિવસ તમામ ઋતુમાં દેશની સેવા કરી રહ્યા છે, આપણે સૌ નાગરિકોએ તેમના સન્માનમાં આગળ આવીને આ મહા અભિયાનમાં ઉત્સાહથી જોડાવું જોઈએ.

''મારી માટી મારો દેશ'' ''માટીને નમન વીરોને વંદન'' કાર્યક્રમમાં નાની કુંકાવાવ સરપંચ શોભાબેન ઢોલરીયા, તલાટી મંત્રી ઠુંમર અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સિંહ બચાવો, સિંહ આપણી શાનનાં નારા ગુંજયા

## વડિયાની શ્રી સુરગવાળા હાઈસ્કૂલમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી

**મુખ્ય બજારમાં સ્કૂલનાં બાળકો દ્વારા મહારેલી યોજાઈ**



વડિયા, તા. ૧૦

સમગ્ર વિશ્વમાં ફકત બે જ વિસ્તારમાં એશિયાટિક સિંહોનો વસવાટ છે. તેમાં ગુજરાતનાં સૌરાષ્ટ્ર પ્રાંતનાં ગીર વિસ્તારને સિંહોનું ઘર માનવામાં આવે છે.

દેશની શાન સમા સિંહની વસ્તીને જાળવવા તેનું જતન કરવા માટે ૧૦ મી ઓગસ્ટને વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે અમરેલી જિલ્લાનાં છેવાડાનાં તાલુકા મથક એવા વડિયામાં આવેલી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ દ્વારા વડિયા ગામની મુખ્ય બજારમાં મહારેલીનું આયોજન કરી મુખ્ય બજારને વહેલી સવારે સિંહ બચાવો, સિંહનું જતન કરો, સિંહ આપણી શાનનાં નારા ગુંજયા હતા અને સિંહની થતી પજવણી બાબતે શાળાનાં બાળકોએ સિંહ બચાવવા માટે લોક જાગૃતતા લાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે

શીંગપાક | ટોપરાપાક | ગુલાબજાંબુ

સ્પે. માવાના પેંડા

ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો

બટેટા વેફર્સ | કેળા વેફર્સ

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



YAMAHA

॥ વંદે માતરમ્ ॥

યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક

NOW WITH CONNECT

Side Stand Engine cut-off Switch | Light Weight | 3D Emblem | Durable 149cc fuel Injection Engine | Two-level Single Piece Seat

* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.

જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ

મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.

ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/- આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.

યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહીતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.

શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઈ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧

શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F-૧૩, પહેલો માળ, અમરેલી.

''શ્રી વલ્લભ''

MARUTI SUZUKI ARENA Navnit

મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

EECO



ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999





HONDA

સપના કરશે સાકાર...

Shine 100cc

કિંમત રૂા. 64,900/-* થી શરૂ



સૌથી સસ્તુ બાઈક

સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ

3+3 years warranty

ઓથો.ડિલર પરીખ હોન્ડા

રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### RBI એ રેપો રેટ યથાવત રાખ્યો

# મોંઘવારીમાં પિસાતા સામાન્ય માણસને છેવટે કોઈ રાહત નહીં

## આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આરબીઆઈનું ફોકસ મોંઘવારી ઘટાડવા પર છે અને આપણી અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ અકબંધ છે

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય રિઝર્વ બેંકે આજે તેની નાણાકીય નીતિ જાહેર કરી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે જાહેરાત કરી છે કે રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી. રેપો રેટ ૬.૫૦ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે. લોન લેનારાઓ માટે આ સારા સમાચાર છે કારણ કે હવે બેંકોને લોનના વ્યાજ દરમાં વધારો કરવાનું કોઈ કારણ મળ્યું નથી.

આ સાથે તેમણે કહ્યું કે, આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આરબીઆઈનું ફોકસ મોંઘવારી ઘટાડવા પર છે અને આપણી અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ અકબંધ છે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આરબીઆઈનું ફોકસ મોંઘવારી ઘટાડવા પર છે અને આપણી અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ અકબંધ છે. જો કે મોંઘવારી દર આરબીઆઈના લક્ષ્યાંક કરતા વધારે છે, પરંતુ આરબીઆઈ ૪ ટકાના ફુગાવાનો દર હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. આરબીઆઈએ **Withdrawal Of Accommodation** નું વલણ જાળવી રાખ્યું છે. આજની જાહેરાત પછી, **MSF** બેંક રેટ ૬.૭૫% પર યથાવત છે. જ્યારે, **SDF** દર ૬.૨૫% પર યથાવત છે. શક્તિકાંત દાસે જુલાઈ-ઓગસ્ટ મહિનામાં મોંઘવારી વધવાની આગાહી કરી છે. તેમણે કહ્યું કે શાકભાજીના ભાવ વધવાને કારણે મોંઘવારી વધી શકે છે. જો કે, શક્તિકાંત દાસે એમ પણ કહ્યું કે તેઓ મોંઘવારી દરને ૪% સુધી લાવવા માટે પ્રતિબદ્ધ છે. જ્યારે હોમ લોન સસ્તી હતી ત્યારે લોકોએ આનો ફાયદો ઉઠાવીને મકાન કે ફ્લેટ ખરીદ્યા હતા. પરંતુ હવે તેમને હપ્તા ભરવામાં મુશ્કેલી પડી રહી છે. એક વર્ષથી ઓછા સમયમાં હોમ લોનનો વ્યાજ દર ૬.૭ ટકાથી વધીને ૯.૨૫ ટકા થઈ ગયો છે. જો કોઈએ એપ્રિલ ૨૦૧૯માં ૬.૭ ટકાના દરે ૫૦ લાખ રૂપિયાની લોન લીધી હોત તો તેની લોન માર્ચ ૨૦૩૯માં સમાપ્ત થઈ જતી હોત. પરંતુ હવે તેનો દર ૯.૨૫ ટકા પર પહોંચી ગયો છે. તદનુસાર, તેની હોમ લોન નવેમ્બર ૨૦૫૦ માં સમાપ્ત થશે, જેનો અર્થ છે કે તેણે મૂળ કરતાં ૧૩૨ વધુ હપ્તાઓ ચૂકવવા પડશે. એટલે કે તેણે મૂળ કાર્યકાળ કરતાં ૧૧ વર્ષ વધુ હપ્તા ચૂકવવા પડશે. રેપો રેટ તે વ્યાજ દર છે કે જેના પર ભારતમાં રાષ્ટ્રીયકૃત સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકો **RBI** પાસેથી નાણાં ઉછીના લે છે. મોંઘવારી વધ્યા પછી, **RBI** રેપો રેટમાં વધારો કરે છે, જ્યારે ફુગાવાનો દર ઘટે છે ત્યારે તેને ઘટાડે છે. રિવર્સ રેપો રેટ એ વ્યાજ દર છે જેના પર જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો તેમની થાપણો આરબીઆઈ પાસે રાખે છે. રેપો રેટનો અર્થ એ છે કે જ્યારે વ્યાપારી બેંકોને ભંડોળની અછતનો સામનો કરવો પડે છે, ત્યારે તેઓ આરબીઆઈ દ્વારા માન્ય સિક્યોરિટીઝ જેમ કે ટ્રેઝરી બિલ્સ (તેમની વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર મર્યાદાથી ઉપર) વેચીને એક દિવસ માટે આરબીઆઈ પાસેથી લોન લે છે. આરબીઆઈ **Repo Rate**ને ઘટાડવા અથવા વધારવા માટે દર બે મહિનાના અંતરાલ પર દ્વિ-માસિક સમીક્ષા કરે છે. આ સમીક્ષા **RBI**ની મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં કરવામાં આવી છે.

**MPC**ની બેઠક સામાન્ય રીતે ત્રણ દિવસ માટે યોજવામાં આવે છે, પરંતુ ખાસ સંજોગોમાં, તે પણ એક દિવસમાં પૂર્ણ થાય છે. તેવી જ રીતે, દ્વિ-માસિક સમીક્ષા સામાન્ય રીતે બે મહિનાના અંતરાલ પર યોજાય છે, પરંતુ ખાસ સંજોગોમાં તે હોઈ શકે છે.

એક મહિનાના અંતરાલ પર કરવામાં આવે છે. જેમ કે, તે મે ૨૦૨૨ માં કરવામાં આવ્યું હતું. અગાઉ, આરબીઆઈએ પોલિસી વ્યાજ દર નક્કી કરવા એપ્રિલ મહિનામાં દ્વિ-માસિક સમીક્ષા કરી હતી. તદનુસાર, જૂનમાં દ્વિ-માસિક સમીક્ષા થવી જોઈતી હતી, પરંતુ આરબીઆઈએ અર્થતંત્રમાં રોકડના પ્રવાહને રોકવા અને લોનને મોંઘી કરીને ખર્ચ ઘટાડવા માટે મે મહિનામાં જ નીતિગત વ્યાજ દરોની સમીક્ષા કરવા **MPC**ની બેઠક બોલાવી હતી અને વ્યાજ દરોમાં ૦.૪૦ ટકા અથવા ૪૦ બેસિસ પોઈન્ટ્સનો વધારો કરવામાં આવ્યો હતો.

### આગામી થોડા દિવસોમાં ચંદ્ર પર ભીડ વધશે

# ભારતનું ચંદ્રયાન ચંદ્ર પર ઊતરશે, રશિયા-જાપાનના યાન પણ લેન્ડ કરશે

## ત્રણ દેશોના વાહનો સાથે ચંદ્રની સપાટી પર પગ મૂકશે

નવી દિલ્હી, તા.૧૦

આગામી થોડા દિવસોમાં ચંદ્ર પર ભીડ વધવાની છે. ભારતનું ચંદ્રયાન-૩ ૨૩ કે ૨૪ ઓગસ્ટે ચંદ્ર પર ઉતરવાનું છે. આ સાથે રશિયાનું લુના-૨૫ અવકાશયાન પણ આ અઠવાડિયે ચંદ્ર માટે ઉડાન ભરવાનું છે અને એવું માનવામાં આવે છે કે તે પણ ચંદ્રયાન-૩ની આસપાસ જ ચંદ્ર પર ઉતરશે.

જાપાનનું સ્લિમ (સ્માર્ટ લેન્ડર ફોર ઈન્વેસ્ટિગેટિંગ મૂન) અવકાશયાન પણ આ ભીડમાં સામેલ થવાની યોજના બનાવી રહ્યું છે. જો કે સ્લિમના લેન્ડિંગનો સમય હજુ જણાવવામાં આવ્યો નથી, પરંતુ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે પણ ભારતના ચંદ્ર મિશનના નિર્ધારિત સમયની આસપાસ ચંદ્ર પર ઉતરશે. જો આવું થાય, તો તે પ્રથમ વખત બનશે કે ત્રણ દેશોના વાહનો એક સાથે ચંદ્રની સપાટી પર પગ મૂકશે.

રશિયાએ જ્યારે તેનું પ્રથમ વાહન ચંદ્ર પર મોકલ્યું ત્યારે વિશ્વને પ્રથમ ચંદ્ર ડેટા ૧૯૫૯ માં મળ્યો. આ સિવાય ચંદ્રની પહેલી તસવીર પણ રશિયાના લુના-૩ દ્વારા ૧૯૫૯માં લેવામાં આવી હતી. રશિયાએ ૧૯૭૬માં લુના-૨૪ પછી ચંદ્ર પર પોતાનું કોઈ વાહન મોકલ્યું ન હતું. ભારતનું ત્રીજું ચંદ્ર મિશન સફળતા તરફ આગળ વધી રહ્યું છે.

ઈસરોએ ૯ ઓગસ્ટ, બુધવારે બીજી વખત ચંદ્રયાન-૩ની ભ્રમણકક્ષા ઘટાડી છે. હવે ૧૪ ઓગસ્ટે ફરી એકવાર ભ્રમણકક્ષામાં ઘટાડો થશે. આ પહેલા ૬ ઓગસ્ટે રાત્રે લગભગ ૧૧ વાગે ચંદ્રયાનની ભ્રમણકક્ષા પ્રથમ વખત ઘટાડવામાં આવી હતી.

ચંદ્રયાન માટે આ એક મોટી સફળતા છે. ઈસરો તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, ચંદ્રયાન-૩ હાલમાં ચંદ્રની ૧૭૦ કિમી એક્સ ૪૩૧૩ કિમીની ભ્રમણકક્ષામાં પરિભ્રમણ કરી રહ્યું છે.

આમાં ચંદ્રયાન-૩નું ચંદ્રથી સૌથી ઓછું અંતર ૧૭૦ કીમીઅને મહત્તમ અંતર ૪૩૧૩ કીમીછે. ૨૨ દિવસ સુધી પૃથ્વીની પરિક્રમા કર્યા પછી, ચંદ્રયાન ૩ એ ૫ ઓગસ્ટના રોજ લગભગ ૭:૧૫ વાગ્યે ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ કર્યો હતો.

### મણિપુર હિંસા મુદ્દે સંસદમાં અવિશ્વાસના પ્રસ્તાવની ચર્ચા ભારે ઉત્તેજના

# સરકાર સામેની અવિશ્વાસ પ્રસ્તાવની દરખાસ્તનો ધ્વનિમતથી અસ્વિકાર

## આ ઈન્ડિયા નહીં પણ ઘમંડિયા ગઠબંધન, અમારા માટે નોર્થ ઈસ્ટ જિગરનો ટુકડો છે, નોર્થ ઈસ્ટ, મણિપુરની વર્તમાન સ્થિતિનું કારણ કોંગ્રેસ છે : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૧૦

મણિપુર હિંસા અંગે વિપક્ષ દ્વારા કેન્દ્ર સરકાર વિરુદ્ધ સંસદમાં લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર પીએમ મોદીએ આજે જવાબ રજૂ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે એક દિવસ પહેલા જ આ વાતની પુષ્ટિ કરી હતી. પીએમ મોદી આજે કોંગ્રેસના નેતા અધીર રંજનના ભાષણ દરમિયાન લોકસભામાં હતા. વડાપ્રધાન મોદીના સંબોધન બાદ લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન થયું. અવિશ્વાસની દરખાસ્ત ધ્વનિ મતથી અસ્વિકાર કરાયો.

તેમણે કહ્યું કે, હું એક વાત મુદ્દે વિપક્ષના નેતાઓના વખાણ કરવા માંગું છું. આમ તો તેઓ ગૃહના નેતાને નેતા માનતા નથી પરંતુ હું તેમની એક વાતના વખાણ જરૂરથી કરીશ. ગૃહના નેતા હોવાને કારણે મેં તેમને એક કામ આપ્યું હતું.

મેં કહ્યું હતું કે, ૨૦૨૩માં અવિશ્વાસ પ્રસ્તાવ લઈને આવો, તેઓ લઈને આવ્યા,તેમણે મારી વાત માની, પરંતુ મને દુઃખ એ વાતનું છે કે, તેમને પાંચ વર્ષ મળ્યા. થોડી તૈયારીઓ કરતા. તેઓ મુદ્દાઓ શોધી શક્યા નથી. તેમણે દેશને નિરાશ કર્યા છે. ૨૦૨૮માં ફરી પ્રયાસ કરજો. જ્યારે ૨૦૨૮માં પ્રસ્તાવ લઈને આવો તો તૈયારી કરીને આવજો. આવી ઘસાયેલી વાતો લઈને ન આવતા. દેશને લાગવું જોઈએ કે, તમે વિપક્ષ માટે યોગ્ય છો. તમે તે યોગ્યતા પણ ખોઈ દીધી. વિપક્ષી પક્ષોએ કહ્યું હતું કે, મોદી નોર્થ ઈસ્ટને દેશનો ભાગ માનતા જ નથી. આનો જવાબ આપતા મોદીએ ત્રણ ઘટનાઓનો ઉલ્લેખ કર્યો.

મોદીએ કહ્યું કે, પાંચમી માર્ચ-૧૯૬૬માં કોંગ્રેસે મિઝોરમમાં નિસહાય નાગરિકો પર વાયુસેના દ્વારા હુમલો કરાવ્યો હતો. શું મિઝોરમના લોકો ભારતના નાગરીક ન હતા. કોંગ્રેસે નિર્દોષ લોકો પર હુમલો કરાવ્યો હતો. આજે પણ મિઝોરમના લોકો પાંચમી માર્ચે શોક મનાવે છે. આ સત્યને કોંગ્રેસે છુપાવ્યું. તે વખતે ઈન્દિરા ગાંધી વડાંપ્રધાન હતા. આ હુમલો બધાને યાદ છે, પરંતુ આવા હુમલો અગાઉથી જ શરૂ થઈ ગયા હતા. બીજી ઘટના ૧૯૬૨ની છે. તે ભયાનક પ્રસારણ યાદ છે.ચીન દેશ પર હુમલો કરી રહ્યું હતું. લોકોને મદદની આશા હતી. આ વિકટ પરિસ્થિતિમાં પંડિત નેહરુએ કહ્યું હતું કે, માય હાર્ટ ગોસ આઉટ ટૂ ધ પિપલ ઓફ આસામ. નેહરુએ ત્યાંના લોકોને તેમના નસીબ પર છોડી દીધા હતા.

મોદીએ વધુમાં કહ્યું કે, જે લોકો પોતાને લોહિયાના વારસદાર કહી રહ્યા છે. લોહિયાએ નેહરુ પર આરોપ લગાવતા કહ્યું હતું કે, નેહરુ જાણીજોઈને નોર્થ ઈસ્ટનો વિકાસ કરી રહ્યા નથી. તે જગ્યાને તમામ બાબતે વિકાસથી વંચિત રખાયો છે.

મોદીએ કહ્યું કે, જ્યાં એક-બે લોકસભા બેઠકો હતી ત્યાં કોંગ્રેસનું ધ્યાન રહ્યું નથી. જોકે અમારા માટે નોર્થ ઈસ્ટ જિગરનો ટુકડો છે. મોદીએ કહ્યું કે, નોર્થ ઈસ્ટ, મણિપુરની વર્તમાન સ્થિતિનું કારણ કોંગ્રેસ છે.

વડાપ્રધાન મોદીના ભાષણ દરમિયાન વિપક્ષી નેતાઓએ વોકઆઉટ કર્યું. તેમનું કહેવું હતું કે, મોદી મણિપુર પર કશું જ બોલી રહ્યા નથી. ત્યારબાદ મોદીએ કહ્યું કે, જે લોકોને લોકતંત્ર પર વિશ્વાસ હોતો નથી તે લોકો સંભળાવવા તૈયાર હોય છે, પરંતુ સાંભળવા પર તૈયાર હોતા નથી. તેઓ ખોટું ફેલાવીને ભાગી જાય છે.

ત્યારબાદ મોદીએ મણિપુર પર વાત કરી. તેમણે કહ્યું કે, જો ગૃહમંત્રીની ચર્ચા પર વિપક્ષે સહમતિ દર્શાવી હોત તો લાંબી ચર્ચા કરી શકાત. વિપક્ષી દળો અવિશ્વાસ પ્રસ્તાવ પર તમામ વિષયો પર બોલ્યા. અમારું પણ કર્તવ્ય થાય છે કે, દેશના વિશ્વાસને પ્રગટ કરીએ અને તમામ બાબતો વિશે જણાવીએ. જો માત્ર મણિપુર પર ચર્ચા કરવાની વાત હતી, તો ગૃહમંત્રીએ પત્ર લખીને કહ્યું હતું. પરંતુ વિપક્ષનો ઈરાદો ચર્ચા કરવાનો નહોતો. તેમના પેટમાં દુઃખાવો હતો અને ફોડી રહ્યા હતા માથું.મોદીએ વધુમાં કહ્યું કે, ગૃહમંત્રીએ મણિપુરની સ્થિતિ અંગે વિસ્તારપૂર્વક જણાવ્યું હતું, પરંતુ વિપક્ષને રાજકારણ સિવાય બીજું કશું કરવું ન હતું. મણિપુરમાં એક કોર્ટનો ચુકાદો આવ્યો. તેના પક્ષ-વિપક્ષમાં પરિસ્થિતિ બની અને ત્યારબાદ હિંસા શરૂ થઈ ગઈ. ઘણા લોકોએ પોતાનાઓને ખોટા, મહિલાઓ સાથે ગુનાઓ થયા કેન્દ્ર અને રાજ્ય સરકાર દોષિતોને સજા અપાવવા માટે કામ કરી રહી છે. દેશ વિશ્વાસ રાખે મણિપુરમાં શાંતિનો સૂરજ જરૂરથી ઉગશે હું મણિપુરના લોકોને પણ કહેવા માંગુ છું કે, દેશ તમારી સાથે છે અમે તમારી સાથે છીએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હું વિપક્ષની સાથે મારી સહાનુભૂતિ વ્યક્ત કરવા માંગુ છું. કારણ કે થોડા દિવસે પહેલા જ બેંગલુરુમાં યુપીએના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. એક તરફ તમે અંતિમ સંસ્કાર કરી રહ્યા હતા, બીજી તરફ ખુશી મનાવી રહ્યા હતા અને કંઈ બાબતની ખુશી વ્યક્ત કરી રહ્યા હતા. ખંડેર પર નવું પ્લાસ્ટર લગાવવાની. હું વિપક્ષને કહેવા માંગુ છું કે, તમે તે લોકોને અનુસરી રહ્યા છો, જે ઘણી પેઢીઓ બાદ પણ લાલ મરચા અને લીલા મરચામાં તફાવત શોધી શક્યા નથી.

વડાપ્રધાન મોદીએ ભાષણ દરમિયાન કહ્યું કે, આ ઈન્ડિયા નહીં પણ ઘમંડિયા ગઠબંધન છે, જ્યાં તમામ લોકો વરરાજા બનવા માંગે છે. તમામ લોકો પીએમ બનવા માંગે છે. આ દરમિયાન મોદીએ કહ્યું કે, હું વિપક્ષના સાથીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માંગુ છું. તમે બેંગલુરુમાં લગભગ બે દાયકા જૂના યુપીએના અંતિમ સંસ્કાર કર્યા છે. પરંતુ સાથે સાથે ઉજવણી પણ કરી રહ્યા હતા. ખંડેર પર નવું પ્લાસ્ટર લગાવ્યું હતું. દાયકાઓ જૂના ખટારા વાહનને ઈલેક્ટ્રિક વાહન તરીકે બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની સમસ્યા એવી છે કે, પોતાને જીવિત રાખવા માટે તેણે એનડીએનો સહારો લેવો પડ્યો. પરંતુ આદત મુજબ, ઘમંડનો, તેને છોડતો નથી, તેના એનડીએ સાથે બે ઉમેર્યા. પ્રથમ ૨૬ પક્ષોનું ગઠબંધન, બીજો એક પરિવારનું ઘમંડ છે. પોતાને બચાવવા માટે ભારતના પણ ટુકડા કરી નાખ્યા (આઈ.એન.ડી. આઈ.એ.).

પીએમ મોદીએ કહ્યું કે, આ પદ અત્યંત મહેનત અને સખત મહેનતથી પ્રાપ્ત થયું છે. અમે આ રીતે આગળ વધતા રહીશું અને પરિણામ એ આવશે કે ભારત ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જશે. હું દેશનો વિશ્વાસ શબ્દોમાં પણ વ્યક્ત કરવા માંગુ છું અને દેશને વિશ્વાસ છે કે ૨૦૨૮માં જ્યારે તમે અવિશ્વાસ પ્રસ્તાવ લાવશો ત્યારે આ દેશ પ્રથમ ત્રીજી મોટી અર્થવ્યવસ્થા હશે. આ દેશની આસ્થા છે.

### પૂણેની એક વેબસાઈટને પોસ્ટ દ્વારા ધમકી મળી

# ભારતમાં વિસ્ફોટ-મોદીની હત્યાની ધમકીથી તપાસનો ધમધમાટ જારી

## ૬ઠ્ઠી ઓગસ્ટે વેબસાઈટ પર કથિતરૂપે ટિપ્પણી પોસ્ટ કરનારી વ્યક્તિ એમ. એ. મોખીમ વિરુદ્ધ ગુનો નોંધયો

પૂણે, તા.૧૦

મહારાષ્ટ્રના પુણેમાં ચલાવવામાં આવતી હિન્દુ ધર્મ વિશેનાં તથ્યોને સમર્પિત વેબસાઈટને ભારતમાં બોમ્બ વિસ્ફોટ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપતી પોસ્ટ મળી છે, એવું પોલીસે જણાવ્યું હતું.

૬ઠ્ઠી ઓગસ્ટે વેબસાઈટ પર કથિતરૂપે ટિપ્પણી પોસ્ટ કરનાર વ્યક્તિ એમ.એ. મોખીમ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ અહીં અલંકાર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો નોંધવામાં આવ્યો છે. આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પુણે જિલ્લાના રહેવાસી રાહુલ દૂધાને હિન્દુ ધર્મ વિશેનાં તથ્યોને લગતી વેબસાઈટ ચલાવે છે, એવું પોલીસે જણાવ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૬ઠ્ઠી ઓગસ્ટના રોજ દૂધાને તેમના દીકરાની સારવાર માટે અહીંની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. અધિકારીના જણાવ્યા અનુસાર દૂધાનેને તેની વેબસાઈટ ચકાસતાં એમ.એ. મોખીમ દ્વારા એક ટિપ્પણી મળી હતી જેમાં તે ભારતમાં બોમ્બ વિસ્ફોટની યોજના બનાવીશ અને આતંકવાદી સંગઠનોને ભંડોળ પૂરું પાડીશ.

હું હિન્દુ ધર્મનો નાશ કરીશ અને નરેન્દ્ર મોદીને પણ ખતમ કરી નાખીશ. ત્યાર બાદ દૂધાનેએ પોલીસ કંટ્રોલ રૂમને ફોન કરીને ટિપ્પણી અંગે જાણ કરી હતી. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### લોકસભામાં કોંગ્રેસના નેતાનું અશોભનીય વર્તન

# મહિલા સાંસદોને મહિલા આઈએએસે મણિપુરની ઘટના યાદ અપાવી

નવી દિલ્હી, તા.૧૦

લોકસભામાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સામે કથિત અશોભનીય વર્તન કરવાનો આરોપ મૂકનાર મહિલા સાંસદોને એક મહિલા આઈએએસ ઓફિસરે મણિપુરની ઘટના યાદ અપાવી હતી. મધ્યપ્રદેશના સિનિયર મહિલા આઈએએસ અધિકારી શૈલબાલા માર્ટિને કહ્યું કે મહિલા સાંસદોએ એ પણ વિચારવું જોઈએ કે મણિપુરની મહિલાઓ પર ત્યારે કેવી વીતી હશે?

આઈએએસઅધિકારીનો ઈશારો સીધી રીતે હિંસાગ્રસ્ત મણિપુરમાં સામે આવેલી મહિલાઓની નગ્ન પરેડના વીડિયો તરફ હતો. આ વીડિયોમાં મહિલાઓને લોકોની ભીડ દ્વારા નગ્ન પરેડ કરાવાતી જોઈ શકાતી હતી. અધિકારી શૈલબાલા માર્ટિને લખ્યું કે જરાક વિચારો તો ખરાં, મણિપુરની મહિલાઓ પર ત્યારે કેવી વીતી હશે? તે કેવું અનુભવી રહી હશે? તેની સાથે માર્ટિને ગૃહમાં રાહુલના કથિત વર્તન અંગે લોકસભા અધ્યક્ષને સંબોધીત કરેલો પત્ર પણ શેર કર્યો હતો જેના પર અનેક મહિલા સાંસદોએ હસ્તાક્ષર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે મધ્યપ્રદેશ કેડરના આઈએએસ ઓફિસર હાલમાં ભોપાલમાં મંત્રાલય (રાજ્ય સચિવાલય) માં સામાન્ય વહીવટી વિભાગમાં એડિશનલ સચિવ પદે તહેનાત છે.

ખરેખર તો આરોપ છે કે બુધવારે ચર્ચામાં ભાગ લીધા બાદ રાહુલ ગાંધી ગૃહથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે તેમની ફાઈલો પડી ગઈ હતી. તેને જોતાં ભાજપના સાંસદો હસવા લાગ્યા હતા જેના બાદ તેમણે ફ્લાઈંગ કિસ મોકલી હોવાનો આરોપ મૂકાયો હતો.

### સિંગતેલના ભાવમાં ફરી ભડકો

# સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૧૦૦ને પાર પહોંચ્યો

અમદાવાદ,તા.૧૦

રક્ષાબંધન, જન્માષ્ટમી જેવા તહેવારો નજીક આવી રહ્યા છે, તહેવારો નજીક આવતા જ સિંગતેલના ભાવ ભડકે બળ્યા છે. બે દિવસ બાદ આજે ફરી સિંગતેલના ભાવમાં રૂ.૩૦નો વધારો થતાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને સિંગતેલ ખાવું મુશ્કેલ બન્યું છે. સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૧૦૦ને પાર પહોંચ્યો છે. સિંગતેલના ભાવમાં વધારો થતાં ગૃહિણી અને સામાન્ય લોકોને ફરી એકવાર મોંઘવારીનો માર સહેવાનો વારો આવ્યો છે.

તહેવારોની પૂર્વે ખાદ્યતેલના ભાવમાં ૩૦ ટકાનો વધારો છે. સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૧૦૦ને પાર પહોંચ્યો છે. જ્યારે કપાસિયા તેલમાં એક મહિનામાં ૧૦૦ રૂપિયાનો અને સોયાબીન તેલમાં પણ એક મહિનામાં ૧૦૦ રૂપિયાનો વધારો થયો છે.

હાલ કપાસિયા અને સોયાબીન તેલના ડબ્બાનો ભાવ રૂ.૧૭૦૦ને પાર બોલાઈ રહ્યો છે. તેલના ભાવમાં એવરેજ ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. તહેવાર ટાણે જ તેલના ભાવ ઊંચકાયા જનતાના શીરે મોંઘવારીનો ભાર આવ્યો છે. જુલાઈ બાદ હવે ઓગસ્ટમાં પણ ખાદ્યતેલમાં તેજી અટકવાનું નામ નથી લેતી. સિંગતેલના ભાવ ઊંચા બોલાઈ રહ્યા છે, જ્યારે મગફળીમાં ભાવમાં સામાન્ય વધઘટ રહી છે. યાર્ડમાં જાડી મગફળીમાં દૈનિક ૨૮૦ ક્વિન્ટલ અને ઝીણી મગફળીમાં ૧૪૦ ક્વિન્ટલની આવક થઈ છે.

હાલ અત્યારે ખેડૂતો પાસે માત્ર ૧૦ ટકા જેટલી જ મગફળી રહી છે. તહેવારને કારણે સિંગતેલમાં ડિમાન્ડ વધારે છે, પરંતુ જેની પાસે મગફળી છે એ જરૂર પૂરતી જ મગફળીનો જથ્થો રિલીઝ કરી રહ્યા છે. જેને કારણે મિલમાં પિલાણ માટે મગફળી ઓછી આવી રહી છે. તહેવારોમાં સિંગદાણામાં પણ ડિમાન્ડ રહેતાં ભાવ રૂ.૨૨૨૫ થયા છે.

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદના કારણે ઉનાળુ પાક નિષ્ફળ ગયો છે. જેના કારણે મગફળીના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં મગફળીના ભાવો પણ ઓલ ટાઈમ હાઈ છે. ગયા વર્ષે ખેડૂતોને ઓપન માર્કેટ યાર્ડમાં જ ખૂબ સારા ભાવ મળ્યા હતા. તેના કારણે ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચી ન હતી. જેનાથી આ વર્ષે નાફેડ પાસે મગફળીનો સ્ટોક નથી.

એટલું જ નહીં મિલરો અને વેપારીઓનો મત છે કે હાલ ભાવ ઘટે તેવા કોઈ સંકેત નથી. વેપારીઓના મતે મગફળીનો ઉપયોગ ખારી સિંગ તેમ જ ફરસાણ બનાવતી કંપનીઓમાં વધી રહ્યો હોવાથી પુરવઠામાં પણ અછત વર્તાઈ છે અને સીધી અસર ભાવ પર પડી રહી છે. મગફળીના ઊંચા ભાવ છતાં ઓઈલ મિલરોને માલની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.

### મણિપુર હિંસા મુદ્દે વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવ પર મોદીના પ્રહાર

# સંસદમાં સરકારનો નહીં વિપક્ષનો ફ્લોર ટેસ્ટ છે : વડાપ્રધાન મોદી

## વિપક્ષનો અવિશ્વાસ પ્રસ્તાવ અમારા માટે શુભ, વિપક્ષો ૨૦૧૮માં પણ આ પ્રસ્તાવ લાવ્યા હતા, ૨૦૧૯માં એનડીએ-ભાજપે મોટી જીત નોંધાવી હતી

નવી દિલ્હી, તા.૧૦

લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ ૨૦૨૩ પર ચર્ચા થઈ રહી છે. આ અવિશ્વાસ પ્રસ્તાવનો વિપક્ષનો એજેન્ડા મણિપુર છે.

ત્યારે અત્યાર સુધી વિપક્ષી પાર્ટીઓ દ્વારા ભાજપ અને પ્રધાનમંત્રીએ અનેક પ્રહાર કર્યા છે. ગઈકાલે રાહુલ ગાંધીએ પણ નરેન્દ્ર મોદી પર અનેક પ્રહારો કર્યા છે ત્યારે આ અંગેનો જવાબ આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાંસદ પહોંચ્યા હતા અને વિપક્ષને આડે હાથે લીધું હતું. નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે લોકસભામાં વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતાં વિપક્ષી દળો પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે આ સરકારનો ફ્લોર ટેસ્ટ નથી, પરંતુ વિપક્ષનો ફ્લોર ટેસ્ટ છે. તેમણે કહ્યું કે વિપક્ષનો અવિશ્વાસ પ્રસ્તાવ લાવવો અમારા માટે શુભ છે. વિપક્ષો ૨૦૧૮માં પણ આ પ્રસ્તાવ લાવ્યા હતા, ત્યારબાદ ૨૦૧૯માં એનડીએ અને ભાજપે મોટી જીત નોંધાવી હતી. હવે ફરીથી અવિશ્વાસ પ્રસ્તાવ આવ્યો છે, ૨૦૨૪માં એનડીએ અને ભાજપ વધુ ભવ્ય જીત સાથે સત્તામાં આવશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, 'હું તેને ભગવાનનો આશીર્વાદ માનું છું કે ભગવાને સૂચવ્યું અને વિપક્ષ અવિશ્વાસ પ્રસ્તાવ લઈને આવ્યો. ૨૦૧૮માં પણ વિપક્ષો અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા હતા. તે દિવસે પણ મેં કહ્યું હતું કે અવિશ્વાસ પ્રસ્તાવ સરકારનો ફ્લોર ટેસ્ટ નથી, પરંતુ તેની પોતાની કસોટી છે. એવું જ થયું. તે વિપક્ષના જેટલા મત એકઠા કરી શક્યા ન હતા. અને જ્યારે અમે જનતામાં ગયા ત્યારે જનતાએ પણ તેમનામાં અવિશ્વાસ જાહેર કર્યો હતો. ચૂંટણીમાં એનડીએને પણ વધુ બેઠકો મળી અને ભાજપને પણ. એક રીતે વિપક્ષનો પ્રસ્તાવ અમારા માટે શુભ છે. તમે નક્કી કર્યું છે કે એનડીએઅને ભાજપ ૨૦૨૪માં તમામ જૂના રેકોર્ડ તોડીને ભવ્ય જીત સાથે સત્તામાં પાછા આવશે.

વિપક્ષ પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યું કે તેમના માટે દેશ કરતા પણ મોટી પાર્ટી છે. તેમને ગરીબોની ભૂખની ચિંતા નથી, પરંતુ તેમની સત્તાની ભૂખની ચિંતા છે. તમને દેશના યુવાનોના ભવિષ્યની ચિંતા નથી, પરંતુ તમારા રાજકીય ભવિષ્યની ચિંતા છે.

### લોકસભાની ચૂંટણી પહેલાં ગેહલોતનો માસ્ટર સ્ટ્રોક

# રાજસ્થાનમાં ઓબીસી અનામત ૨૭ ટકા કરવા માટેની જાહેરાત

## આ ફેરફાર થશે તો રાજસ્થાનમાં કુલ અનામતનું પ્રમાણ ૬૪ ટકાથી વધીને ૭૦ ટકા સુધી પહોંચી જશે

જયપુર, તા.૧૦

લોકસભાની ચૂંટણી આડે માત્ર એક વર્ષની વાર છે ત્યારે રાજસ્થાને જાહેરાત કરી છે કે રાજ્યમાં ઓબીસી (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)નો અનામત ક્વોટા ૨૧ ટકાથી વધારીને ૨૭ ટકા કરવામાં આવશે. તેના કારણે ઓબીસીવર્ગના વિદ્યાર્થીઓને એજ્યુકેશન અને નોકરીઓમાં વધારે ચાન્સ મળશે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે બુધવારે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ઓબીસીઅનામતમાં જે ૬ ટકાનો વધારો થવાનો છે તેનો લાભ આ વર્ગના સૌથી વધારે પછાત લોકોને આપવામાં આવશે.

જો આ ફેરફાર થશે તો રાજસ્થાનમાં કુલ અનામતનું પ્રમાણ ૬૪ ટકાથી વધીને ૭૦ ટકા થઈ જશે. રાજસ્થાનમાં બાંસવાડા નજીક માનગઢ ધામમાં રાહુલ ગાંધીની રેલી દરમિયાન ગેહલોતે આ જાહેરાત કરી હતી. ત્યાર પછી તેમણે આ અંગે ટ્વિટ પણ કરી હતી. તેમણે કહ્યુ કે, તમે (રાહુલ ગાંધી) દેશમાં જાતિ આધારિત વસતી ગણતરી કરવાની વાત કરી છે. આ રાષ્ટ્રને એક સંદેશ છે. અમે રાજસ્થાનમાં પણ જાતિ આધારિત વસતી ગણતરી કરવા માંગીએ છીએ. લોકોને તેમની વસતીના આધારે અધિકાર મળશે.

ગેહલોતે ટ્વિટ કરી કે રાજસ્થાનનું ઓબીસીકમિશન ઓબીસીમાં સૌથી પછાત લોકોને ઓળખવા માટે એક સરવે કરશે. તેનાથી સૌથી પછા જ્ઞાતિના લોકોને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં વધારે તક મળશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે એસસીઅને એસટીના વિવિધ સંગઠનો ઘણા સમયથી વસતીના આધાર પર અનામતની માંગ કરી રહ્યા છે. સરકાર આ માગણીનો પણ અભ્યાસ કરશે. સરકારે ઈડબલ્યુએસને ૧૦ ટકા અનામત આપી તેમાં સ્થાવર મિલ્કતને લગતી શરત દૂર કરી છે.

રાજસ્થાનના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાઈલટ પણ આ રેલીમાં હાજર હતા. તેમણે કહ્યું કે કર્ણાટકમાં કોંગ્રેસે જે રીતે વિજય મેળવ્યો તે રીતે ૨૦૧૪માં કેન્દ્રમાં પણ વિજય મેળવશે. અમે કર્ણાટક અને હિમાચલ પ્રદેશમાં ભાજપની ડબલ એન્જિન સરકારને નિષ્ફળ બનાવી છે.

હવે નવી દિલ્હીમાં પણ મુખ્ય એન્જિનને નાકામ બનાવવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસના નેતાઓએ રાજસ્થાન સરકારની કામગીરીના વખાણ કરતા કહ્યું કે રાજસ્થાનની ચિરંજીવી આરોગ્ય વીમા યોજના આખા દેશમાં બેસ્ટ છે. તેમણે એક નવી સ્કીમની પણ જાહેરાત કરી હતી જેના હેઠળ રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૪૦ લાખ મહિલાઓને મફતમાં સ્માર્ટફોન આપવામાં આવશે. તેમાં દરેક વિદ્યાર્થીને એક મોબાઈલ ડિવાઈસ આપવામાં આવશે. ગુરુવારથી જ મોબાઈલ આપવાનું શરૂ થશે.

# ઉનામાં બીએપીએસ સંપ્રદાયના સંતો દ્વારા ઘરે-ઘરે પધરામણી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

બીએપીએસ સ્વામિ નારાયણ સંપ્રદાયના પૂજય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સમગ્ર ગુજરાતમાં અધિક શ્રાવણ માસ નિમિત્તે ઉના તાલુકામાં ઘરે–ઘરે સંત પધરામણી કરવામાં આવી હતી તેમજ સૂવર્ણ બાગ વાડી ખાતે ચાર દિવસીય રાત્રિ સત્સંગ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ચાર દિવસીય રાત્રિ સત્સંગ પારાયણનું પૂજય કૃષ્ણપ્રિયદાસ સ્વામીના મધુર કંઠે રસપાન કરવામાં આવ્યું હતુ. જેમાં ઘરે–ઘરે પારિવારીક શાંતિ રહે તેમજ હિન્દુ ધર્મના ગંથ્રો ભાગવત ગીતા, ઉપનિષદ, રામાયણ, પ્રમુખસ્વામી મહારાજ તેમજ મહંત સ્વામી મહારાજના જીવનના પ્રસંગો વિશે કથા વાર્તાનું જ્ઞાન હરિભકતોને પીરસવામાં આવ્યું હતુ તેમજ સાધુ વિનમ્રમુનિદાસ, સાધુ અખંડ મંગલદાસ, સાધુ સરલમૂર્તિદાસ સહિતના સંતો દ્વારા ઉના શહેર તેમજ આસપાસના ૨૨૫ થી વધુ ઘરોમાં સંતોએ પધરામણી કરી હતી જેમાં સંતોએ ઘરે–ઘરે જઈ પૂજા–અર્ચના કરી વ્યસનમુકિત અર્થે જાગૃતિના પ્રયાસો કર્યા હતા તેમજ પરિવારના સંપની ભાવના વધે તે માટે લોકોને જાગૃત કર્યા હતા. સૂવર્ણ બાગ ખાતે યોજાયેલ આ ચાર દિવસીય સંત પારાયણમાં સાધુ વિનમ્રમુનિદાસ, સાધુ અખંડમંગળદાસ, સાધુ સરલમૂર્તિદાસ તેમજ સંત પારાયણના ત્રીજા દિવસે સ્વામીના ગઢડા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના કોઠારી સંત પૂજય અધ્યાત્મ સ્વામી પણ પધાર્યા હતા. અધિક શ્રાવણ માસ નિમિતે યોજાયેલ આ સંત પારાયણમાં સૂવર્ણ બાગના ટ્રસ્ટીઓ, ઉના પ્રાંત અધિકારી જે.એમ. રાવલ, ઉના નાયબ કાર્યપાલક ઈજનેર જે.જે. પટેલ, ઉના પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.કે. વરૂ, એડ. ભરત સોલંકી, એડ.રામજી પરમાર, પત્રકાર ધર્મેશ જેઠવા, પત્રકાર રસિક ચાવડા તેમજ હરિભકતો સહિતનાઓ સંતોને હાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા.

### વેરાવળનાં પ્રાંત અધિકારીની ટીમે દરોડો પાડયો

## ઉના : સુત્રાપાડા પંથકમાં સરકારી અનાજનાં કાળા બજાર કરનાર વિરૂધ્ધ કાર્યવાહી

### ૩૪૬૫૦ કિલો અનાજનો જથ્થો મળી આવ્યો

અમરેલી, તા.૧૦

ગીર સોમનાથનાં સુત્રાપાડા પંથકમાંથી સરકારી અનાજનો મોટો જથ્થો બારોબાર વેંચી મારવાનાં કૌભાંડનો વેરાવળ પ્રાંત અધિકારીની ટીમે પાડેલ દરોડામાં પર્દાફાશ થયો છે. જેમાં સરકારી અનાજ ગોડાઉનમાંથી દુકાનદારને પહોંચાડવાનાં બદલે ડોર સ્ટેપ કોન્ટ્રાકટર દ્વારા ખાનગી કારખાનામાં લઈ ગયાનું સામે આવ્યું છે. ત્યાંથી સરકારી માર્ક અને સીલાય વાળા ઘઉ, ચોખા, ચણા અને સોયાબીનનાં કુલ ૬૯૩ (૫૦ કીલોના) બાચકાઓમાં રહેલ ૩૪,૬૫૦ કિલ્લો અનાજનો જથ્થો મળી આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠાય હતા. આ કૌભાંડમાં ડોર સ્ટેપ કોન્ટ્રાકટરની ભુંડી ભૂમિકા હોવાનું પણ પ્રાથમિક તપાસમાં સામે આવી રહયુ છે.

રાજય સરકાર વ્યવસ્થા મુજબ ગરીબોના પેટનો ખાડો પુરવા દર મહિને અનાજનો જથ્થો જરૂરીયાતમંદ લોકો સુધી પહોંચાડે છે. પરંતુ આ ગરીબ લોકોનો જથ્થો રસ્તામાં જ બારોબાર થતો હોવાની ગીર સોમનાથ જિલ્લામાં વારંવાર ફરીયાદો ઉઠે છે. દરમ્યાન સુત્રાપાડા પંથકમાં સરકારી અનાજ બારોબાર જઈ રહયાં અંગે ગઈકાલે સાંજે વેરાવળ પ્રાંત અધિકારી કે.વી.બાટીને માહિતી મળી હતી. જેને લઈ તાલાલા અને સુત્રાપાડા મામલતદારની ટીમોને દરોડો પાડવા આદેશ કર્યો હતો. જેનાં આધારે બંન્ને ટીમોએ માહિતી મુજબ સુત્રાપાડા પંથકનાં પ્રાસલી અને પિખોર ગામ વચ્ચે આવેલ 'શ્રી ભાગ્ય લક્ષ્મી સીડઝ'' નામનાં કારખાનામાં દરોડો પાડતા ત્યાંનો નજારો જોઈ એક તબકકે અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. આ કારખાનાના ગોડાઉનમાંથી એક બે નહીં પણ લાખોની કિંમતનો સરકારી અનાજનાં જથ્થો ભરેલ બાચકાઓ જોવા મળેલ હતા. આ તમામ જથ્થાની ગણતરી હાથ ધરીને બાદમાં સીઝ કરીને જથ્થાને ગોરખમઢી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

સરકારી ગોડાઉન ખાતે મોકલી દેવામાં આવેલ હતા.

આ અંગે માહિતી આપતા પ્રાંત અધિકારી કે.વી.બાટીએ જણાવેલ કે, ભાગ્ય લક્ષ્મી કારખાનાનાં ગોડાઉનમાંથી સરકારી સીલાઈ વાળા ઘઉ, ચોખા અને ચણાનાં કુલ ૧૭૫ બાચકાઓ તથા હાથ સીલાઈ વાળા કુલ ૫૧૮ બાચકાઓમાં રહેલ કુલ–૩૪, ૬૫૦ કિલ્લો સરકારી અનાજનો જથ્થો મળી આવેલ હતો. આ ઉપરાંત સ્થળ ઉપરથી ટ્રોલી સાથે ટ્રેકટર, બુલેરો પીક અપ વાન પણ મળી આવેલ હતા. આ કામગીરીમાં રૂા.૯ લાખથી વધુની કિંમતનો સરકારી અનાજનો જથ્થો મળી કુલ ૨૫ લાખનો મુદામાલ સીઝ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. આ કારખાનાનો સંચાલક મુકેશ ઝાલા હોય જે કેટલા સમયથી અને કેવી રીત સરકારી અનાજ મેળવતો હતો તે જાણવા તેની સામે કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે. રેશનીંગનાં અનાજનો જથ્થો સરકારી ગોડાઉનમાંથી સસ્તા અનાજ કિરાણાની દુકાને પહોંચાડવા માટે મુકેશ ધીરૂભાઈ મોરી નામનાં વ્યકિતનો ડોર સ્ટેપ કોન્ટ્રાકટ હોવાની રસીદો પણ મળી છે. જો કે, આ કોન્ટ્રાકટરએ તેની કામગીરી કરવાનાં બદલે ખાનગી ગોડાઉનમાં સરકારી અનાજનો જથ્થો શું કામ અને કોના કહેવાથી લઈ ગયેલ હોય જે જાણવા અંગે ઉંડાણપુર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. જો કે, આ પર્દાફાશમાં ડોર સ્ટેપ કોન્ટ્રાકટર મુકેશ મોરીની ભૂમિકા પણ શંકાસ્પદ જણાઈ રહી છે.

અત્રે નોંધનીય છે કે, એક તરફ થોડા સમયે પહેલા વેરાવળનાં સીમાડે એક વાડીમાંથી સરકારી માર્ક વાળા અનાજનાં બાચકાનો જથ્થો મળી આવેલ હતો. ત્યારથી જ જિલ્લામાં મોટાપાયે રેશનીંગનું અનાજ ગરીબોને આપવાના બદલે બારોબાર વેંચી મારવાનું કૌભાંડ ચાલતુ હોવાની વાતો વહેતી થઈ હતી. તેમ છતાં પુરવઠા સહિતનું સરકારી તંત્ર ધુતરાષ્ટ્રની ભૂમિકામાં રહેતુ હોવાથી ફરી મોટા કૌભાંડનો પર્દાફાશ થયેલ છે. ત્યારે પુરવઠા તંત્રની અને સંબંધિત અધિકારીઓની કામગીરી સામે સવાલો ઉઠયા છે. તો બીજી તરફ સોમનાથ, સુત્રાપાડા સહિત જિલ્લામાં ડોર સ્ટેપ કોન્ટ્રાકટરોની ભુંડી ભૂમિકાથી સરકારી અનાજનો જથ્થો બારોબાર વેંચી મારવાનું મોટું કૌભાંડ ચાલે છે. આ ડોર સ્ટેપ કોન્ટ્રાકટરો ઉપર વગદાર નેતાઓના હાથ હોવાથી બેરોકટોક આ કૌભાંડ ચાલે છે. જેને કોઈ અટકાવી ન શકતું હોવાથી લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સિંહ બચાવો જન જાગૃતિ રેલી યોજાઈ




અમરેલી, તા. ૧૦

૧૦ ઓગષ્ટ એટલે વિશ્વ સિંહ દિવસ સિંહ એટલે ગુજરાત અને આપણા ગીરનું ગૌરવ, સિંહ એટલે બહાદુરી, વીરતા, શૌર્ય અને શકિતનું પ્રતીક જેથી આપણે પણ સાવજની ધરતીના રહેવાસી તરીકે ગૌરવ અનુભવીએ છીએ ત્યારે સિંહનું જતન, રક્ષણ અને સંવર્ધન કરવું આપણી ફરજ છે. તે હેતુ સાથે આજે શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા બચાવો જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ શાળાની આસપાસના વિસ્તારમાં રેલી કાઢી બધા લોકો સુધી 'સિંહ બચાવો દેશ બચાવો' ના નારા લગાડીને વિશ્વસિંહ દિવસની ઉજવણી કરી હતી આ રેલીમાં સંસ્થાનાં સંચાલક દંપતી દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ પણ જોડાઈ વિદ્યાર્થીઓને સિંહનું રક્ષણ અને જતન કરવું તેવી પ્રેરણા આપેલી હતી.

## બગસરાના બાલાપુર ખાતે તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણી થશે

અમરેલી, તા. ૧૦

બગસરા તાલુકા કક્ષાનો ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૩ સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણીનો કાર્યક્રમ બાલાપુર પ્રાથમિક શાળા ખાતે બગસરા તાલુકા મામલતદારની ઉપસ્થિતિમાં તા. ૧૫ ઓગષ્ટ, ૨૦૨૩ ને મંગળવારના રોજ સવારે ૮:૩૦ વાગ્યે યોજાશે. તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બગસર તાલુકા મામલતદાર દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

### પાલિકાનાં પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ જોડાયા

## રાજુલા ખાતે ''મારી માટી મારો દેશ'' અંતર્ગત પ્રતિજ્ઞા લેવામાં આવી

### વિદ્યાર્થીઓ, શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યાં

રાજુલા, તા. ૧૦

રાજુલા શહેરમાં ટીજેબી હાઈસ્કૂલ ખાતે મહાનુભાવોએ ''મારી માટી મારો દેશ'' અભિયાનમાં વસુધા વંદન કરી રાષ્ટ્ર પ્રત્યેનાં કર્તવ્યોને અદા કરવા પ્રતિજ્ઞા લીધી.



સ્વાતંત્ર્ય પર્વનાં અવસરે માતૃભૂમિનાં વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કરવાનાં હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આગામી તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે. રાજુલા ટીજેબી હાઈસ્કૂલ ખાતે યોજાયો. મામલતદાર જાદવ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ પદાધિકારી સહિત અધિકારીઓ શાળાની વિદ્યાર્થીનીઓ આચાર્ય શિક્ષણ સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતા.

## માળીયા (મોરબી) ખાતે શીતલ કુલ પાર્લરનો પ્રારંભ

અમરેલી, તા. ૧૦

માળીયા (મોરબી) ભારત પેટ્રોલિયમનાં ઓમ પેટ્રોલ પંપ પર શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્ઘાટન સંપન્ન થયું હતું. માળીયા (મોરબી) ભારત પેટ્રોલિયમનાં ઓમ પેટ્રોલ પંપ પર શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્ઘાટન સંપન્ન થયું હતું. ફ્રેન્ચાઈઝી ઓનર વિશ્વરાજભાઈ રાણાએ રીબીન કાપી પાર્લરનું ઉદ્ઘાટન કર્યુ હતું આ તકે શીતલ આઈસ્ક્રીમના ડિસ્ટ્રીબ્યુટર વાતસુરભાઈ, ઓમકારસિંહ રાણા, હિમાન્શુભાઈ તન્ના, ભારત પેટ્રોલિયમનાં સેલ્ફ મેનેજર તેમજ પેટ્રોલપંપનો સ્ટાફ તેમજ આમંત્રિત




મહેમાનો ઉપસ્થિત રહયા હતા. તેવું શીતલનાં ફ્રેન્ચાઈઝી હેડ નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



ચલાલા–અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૫૭મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ–ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત અમરેલી, તથા આયુર્વેદ દવાખાનું–મોરંગી તથા સરકારી હોમીયોપેથીક દવાખાનું–જાળીયાનાં સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપનાં પ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થાનાં વડા પૂ. રતિદાદા તથા ડોકટરો તથા દુર્લભભાઈ, પ્રફુલભાઈ, દિનેશભાઈ, વજુદાદા દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. રતિદાદાએ બધાને સારૂં થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું. સ્વ. કાશીબેન બોરડ અને સ્વ. નનુભાઈ બોરડ હસ્તે દુર્લભભાઈ બોરડ–માંડવડા(અમેરિકા)નાં આર્થિક સહયોગથી શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીનાં સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખનાં દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૩૦ દર્દીઓને શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પુરી આપવામાં આવી હતી. આયુર્વેદિક કેમ્પમાં ડો. આરતીબેન અને પ્રકાશભાઈએ બધા દર્દીઓને તપાસ કરી દવાપણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દિકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. અને સ્પોર્ટસ કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.આ કાર્યક્રમને સફળ બનાવવા મહેશભાઈ, મંજુબા તથા શિતલબેન વગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# બાબરા ખાતે ''મારી માટી મારો દેશ'' અંતર્ગત દેશભકિતનો કાર્યક્રમ યોજાયો







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં નગરપાલિકા દ્વારા વિવેકાનંદ વિદ્યાલયમાં મારી માટી મારો દેશ અંતર્ગત કાર્યક્રમ નગરપાલિકા પ્રમુખ રેખાબેન આંબલિયાનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં પાલિકા કચેરી ખાતે દેશનાં વીર જવાનો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેમજ દેશની માટીનાં શપથ લેવામાં આવ્યાં હતા અને રાષ્ટ્રગાન અને ધ્વજવંદન તેમજ વિવિધ સેવાકીય પ્રવૃતિઓમાં યોગદાન આપવા બદલ સેવાભાવી વ્યકિત અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ રેખાબેન આંબલિયા, લલિતભાઈ આંબલિયા, કારોબારી સમિતિનાં ચેરમેન ભુપતભાઈ બસિયા, ચીફ ઓફિસર રઘુવીરસિંહ ઝાલા, નાયબ મામલતદાર, આચાર્ય, તાલુકા વિકાસ અધિકારી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા સહિત સ્થાનિક અગ્રણીઓ તેમજ નગરપાલિકાનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલા : પીજીવીસીએલ દ્વારા

મુશ્કેલી સામે ઝુંકવું નથી. પરંતુ પોતાનો ઈગો હટ થયો હોય તેવું જણાય છે. તેમજ સ્થાનિક વેપારીઓ વ્યવસાયકારોએ અવારનવાર રજૂઆતો પરંતુ પીજીવીસીએલનાં સત્તાધીશો કરી રહ્યાં છે. આંખ આડા કાન અનેક રજૂઆતો પરંતુ આજદિન સુધી આ બાબતે કોઈપણ પ્રકારનાં પગલાં લેવામાં આવેલ નથી. જે પણ અતિશય ગંભીર ગુનાહિત બાબત હોય પરંતુ પીજીવીસીએલનો એક જ મંત્ર અપના કામ બનતા ભાડ મે જાય જનતા આ ઉભા કરવામાં આવેલ પોલ સામે ઉચ્ચ અધિકારીઓ ગંભીર બનશે કે પછી હોતા હે ચલતા હૈ આ પોલ ઉભા કરવામાં આવશે તો ત્યાનાં સ્થાનિક લોકો દ્વારા સંવિધાનમાં આપેલ આર્ટિકલ ૨૨૬ મુજબ રિટ પિટીશન દાખલ કરવામાં આવશે તેવી લોકો દ્વારા ચિમકી તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ સંસ્થા દ્વારા પણ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

## અવસાન નોંધ

**રાજુલા :** રાજુલા ઔદિચ્ય બ્રહ્મસમાજનાં સ્વ. બાલુભાઈ વજેશંકર જોષી મુળ ધારી હાલ રાજુલા જે વિનેશભાઈ તથા વિનુભાઈ તથા નીતાબેન સુરેન્દ્રભાઈ અમદાવાનાં પિતાશ્રી તેમજ રમણીકભાઈ કલકત્તા સ્વ. રસીકભાઈ ધારી, તથા રમેશભાઈ તથા હંસાબેન પ્રવિણભાઈ જોષી અમરેલીનાં ભાઈ તા.૧૦/૮/૨૦૨૩ ને ગુરૂવારનાં રોજ કૈલાસવાસી થયા છે. તેમનું બેસણું તા. ૧૨/૮/૨૩ને શનિવાર બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે લુહાણા મહાજન વાડી રાજુલા ખાતે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૦૩ |
| ૨ | તલ સફેદ | ૩૨૦૦ | ૩૩૯૫ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૪૫૦ |
| ૪ | ચણા | ૮૫૦ | ૯૫૯ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૩૬૦ | ૧૮૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૭૫ | ૨૪૩૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૫૦ | ૧૯૨૨ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૪૮૦ |
| ૬ | તલ કાળા | ૩૦૬૧ | ૩૨૯૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૮ | બાજરો | ૪૦૧ | ૪૪૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૧ | ૫૬૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૯૯ | ૫૩૪ |
| ૧૧ | ચણા | ૭૩૦ | ૧૦૩૨ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ૧૪ | કપાસ | ૧૦૫૦ | ૧૫૭૭ |
| ૧૫ | એરંડા | ૧૧૯૦ | ૧૨૧૮ |
| ૧૬ | રાય | ૧૦૪૮ | ૧૨૮૦ |
| ૧૭ | ધાણા | ૮૬૦ | ૧૫૦૧ |
| ૧૮ | ધાણી | ૧૨૬૬ | ૧૩૯૮ |
| ૧૯ | મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૨૦ | સોયાબીન | ૮૮૬ | ૯૩૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં જીએસટી કૌભાડનાં

મેળવીને મોટુ કૌભાંડ આચરેલ હતું. અને જેમાંથી ૬૦ જેટલા જી.એસ.ટી.કનેકશન હાલમાં પણ એકટીવ હોય આ બાબતે ફરીયાદ નોંધાતા ગુન્હાની ગંભીરતાને ધ્યાનમાં લઈ અને સીટની રચના કરવામાં આવેલ અને આ કામનાં આરોપીઓએ કાવતરૂ રચી સમાન ઈરાદો પાર પાડી જુદા જુદા વ્યકિતઓની જાણ બહાર તેમનાં દસ્તાવેજોનો ઉપયોગ કરી ખોટા પુરાવાઓ ઉભા કરી બોગસ જી.એસ.ટી.મેળવીને બોગસ બીલીંગની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા હોય તે બાબતની ફરિયાદ આ કામનાં આરોપી વિરૂધ્ધ નોંધાયેલી.

ત્યારબાદ આ કામનાં આરોપી અબ્બાસ ઈસુબભાઈ બીલખીયાએ તેમનાં એડવોકેટ હરનીલ ત્રિવેદી મારફતે આગોતરા જામીન મેળવવાની અરજી કરતા, યુવા એડવોકેટની ધારદાર દલીલો અને રજુ કરેલ ચુકાદાઓને ધ્યાને લઈ અમરેલીના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ટ સેશન્સ જજ એમ.જે. પરાશર આ કામના આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરેલ હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૧ |
| ૨ | મગફળી | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૩ | ઘઉં | ૪૫૧ | ૪૯૨ |
| ૪ | ચણા | ૧૩૦૫ | ૧૩૦૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૪૧૪ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૭૨૨ |
| ૩ | શીંગદાણા | ૧૬૫૧ | ૧૯૨૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૬૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૨૦ |
| ૬ | કપાસ | ૧૦૮૦ | ૧૫૭૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૫૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૮૫ |
| ૯ | બાજરો | ૩૭૫ | ૪૩૮ |
| ૧૦ | જુવાર | ૫૭૧ | ૮૨૭ |
| ૧૧ | ચણા | ૯૪૦ | ૧૦૪૧ |
| ૧૨ | તુવેર | – | ૧૯૬૦ |
| ૧૩ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૧ |
| ૧૪ | સોયાબીન | – | ૯૨૭ |

પાના ૮ ઉપરનું ચાલું

## પટેલ સમાજની અત્યાધુનિક વાડી

રમત ગમત જેવી પ્રવૃત્તિઓને વેગ મળી રહે તે માટે વિશાળ મેદાન સાથેનું ભવન બનાવવું. જે પાર્કિંગની સાથે આ પ્રકારની પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લઈ શકાય.

લેઉવા પટેલ સમાજનું ગૌરવ એવા દિલીપભાઈ સંઘાણીનો સંકલ્પ રહ્યો છે કયાંય ન હોય એવી નમૂનારૂપ પટેલ સમાજની વાડી અમરેલીમાં તૈયાર થાય. તેમના નેતૃત્વમાં યોજાયેલી આ બેઠકમાં દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, આપણા પૂર્વજોએ આપણને ઐતિહાસિક વારસો આપ્યો છે. સુખ, સમૃધ્ધિ અને સહકારવાળી જીવનપ્રણાલી આપણને મળી છે. આપણી ફરજ બને છે કે સમયાનુસાર પરિવર્તનને ધ્યાનમાં રાખીને આપણે સાથે મળીને એવું નિર્માણ કરીએ કે આવનારી પેઢી માટે એ પ્રરેણાનું પ્રતીક બને. આ વાડીને માત્ર વાડી તરીકે ન જોતા પણ આપણા સમાજની એકતાનું મંદિર બનશે. આપણને અવસર મળ્યો છે, આપણે ભાગ્યશાળી છીએ કે સમાજના વિકાસઅર્થે તન, મન અને ધનથી સેવા કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે. સંસ્કાર, સહકાર અને સેવા આ ત્રિવેણી સંગમનું પ્રતીક છે આપણા સમાજની નિર્માણ થનારી વાડી.

સમાજના મોભીઓએ વિવિધ પ્રસ્તાવો સાથે ચર્ચા વિમર્શ કરી હતી. અમરેલી શહેરને જોડતા રાજમાર્ગો પર વાડીનું નિર્માણ કરવું, જેથી સૌને સરળતા રહે અને ટ્રાફિક જેવી સમસ્યાઓમાંથી મુકિત પણ મળે. લેઉવા પટેલ ચેરીટબેલ ટ્રસ્ટ, ખોડલધામ, સરદારધામ સહિત લેઉવા પટેલ સમાજ સાથે સંકળાયેલા યુવા સંગઠનો, સામાજિક સંસ્થાઓના આગેવાનોએ દિલીપભાઈ સંઘાણીના સંકલ્પને સાર્થ કરવા માટે હુંકાર ભણી હતી.

આ બેઠકમાં સમાજના અગ્રણી વિરજીભાઈ ઠુંમર, પરેશભાઈ ધાનાણી, જે.વી. કાકડીયા, કૌશિકભાઈ વેકરિયા, મહેશભાઈ કસવાલા, પ્રતાપભાઈ દુધાત, જનકભાઈ તળાવીયા, ડી.કે. રૈયાણી, પી.પી. સોજીત્રા અને અશ્વિનભાઈ સાવલિયા સહિતનાઓએ પ્રતિભાવ આપતા દિલીપભાઈ સંઘાણીનાં સમાજની વાડી બનાવવાના વિચારને આવકારીને મદદ કરવાની ખાતરી આપી હતી.

### ''અમરેલી માંગે બ્રોડગેજ'' મિશન આગળ વધ્યું

# અમરેલીને બ્રોડગેજ માટે ચાલતી ગતિવિધિને લઈને ડિસ્ટ્રીકટ ચેમ્બરે સમર્થન જાહેર કર્યુ

### જે પ્રકારે આંદોલન કરવું પડે તે કરવા તૈયારી દર્શાવી

અમરેલી, તા. ૧૦

અમરેલી શહેરને બ્રોડગેજ આપવા બાબત જે શહેરીજનો દ્વારા સ્વયંભુ ચળવળ ચાલી રહી છે અને અમરેલી માંગે બ્રોડગેજ.

તે બાબતે થઈ રહેલી રજૂઆતો બાબત અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા.૫/૮/૨૩નાં કારોબારી સભ્યો દ્વારા મળેલી મીટીંગમાં ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બ્રોડગેજ મળે તે માટે જાણ કરવામાં આવેલી છે અને લોકોનાં સ્વયંભુ ચળવળને અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સે સંપૂર્ણ ટેકો જાહેર કરેલ છે. તેમજ અનાજ–કરીયાણા એસોસિએશન તથા ઈન્દિરા શોપીંગ સેન્ટર એસોસિએશન પણ સંપૂર્ણ ટેકો જાહેર કરે છે.

અમરેલીને બ્રોડગેજ મળે તો અમરેલી જિલ્લાનાં તમામ વેપારીઓને પણ માલ મંગાવવામાં તેમજ અહીંથી માલ મોકલવામાં ઘણો ફાયદો થાય તેમ છે. જો બ્રોડગેજ લાઈન મળે તો તે ખાંડબોરી ૧નાં ટ્રાન્સપોર્ટનું ભાડુ રૂા.૩૦૦/– થાય છે. જો બ્રોડગેજ લાઈન મળે તો તે ખાંડબોરી ૧ નું ભાડું રૂા. ૧૨૫/– થશે. માટે જનતાને પણ ફાયદો થાય તેમ છે તેમજ અમરેલી જીલ્લાનાં રત્ન કલાકારો સુરત ખુબ જ વસવાટ કરી રહ્યાં છે. તેને પણ હાલમાં પ્રાઈવેટ લકઝરી બસવાળા એક સોફાનાં રૂા. ૧૫૦૦/– ભાવ કરેલ છે તે બ્રોડગેજ મળે તો રૂા. ૨૫૦/– માં આરામથી સુરત પહોંચી શકે. માટે અમરેલી શહેરને બ્રોડગેજ મળે તે ખૂબ જ મહત્વની જરૂરિયાત છે. તેથી અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ સંપૂર્ણ ટેકો જાહેર કરે છે અને જયાં પણ આંદોલન કરવું પડે ત્યાં વેપારી સમાજ સાથે રહીને લડત આપશે અને અમરેલીની જનતાને પણ મીશન બ્રોડગેજમાં જોડાવવા અનુરોધ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાંથી

રહેલ મોબાઈલ ફોન જરૂરી ડોકયુમેન્ટ તથા રોકડા રકમ ટેકિનકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી ગણતરીની કલાકમાં તે હેન્ડબેગ (પર્સ) કયાં ગુમ થયેલ છે. અને કોને મળેલ છે. તેની જાણ મેળવતા એક બહેનને હેન્ડબેગ (પર્સ) મળેલ હોય તે જાણ મેળવી તે બહેનની ઓળખ કરી તેમનો સંપર્ક કરેલ અને હેન્ડબેગ (પર્સ) પરત કરવા જણાવતા હેન્ડબેગ મળનાર બહેન સ્વખુશી દર્શાવી અરજદાર બહેનને હેન્ડબેગ (પર્સ) તેમજ પર્સમાં રેહલ મોબાઈલ ફોન જરૂરી ડોકયુમેન્ટસ તથા રોકડ રકમ પરત કરેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૧૦ |
| ૨ | ચણા | ૭૪૩ | ૮૬૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૬ | ૫૫૦ |
| ૪ | લસણ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૫ | સોયા | ૮૦૦ | ૯૨૨ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૫ |
| ૭ | તુવેર | ૧૦૩૫ | ૧૬૦૦ |
| ૮ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૯ | તલ કાળા | ૧૨૦૫ | ૧૩૪૫ |
| ૧૦ | મગફળી | ૧૪૩૦ | ૧૪૩૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૧૨ | તુવેરદાળ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૩ | જુવાર | ૭૪૫ | ૮૬૫ |
| ૧૪ | બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| ૧૫ | ધાણા | ૭૦૦ | ૧૩૪૦ |
| ૧૬ | એરંડા | ૧૨૩૫ | ૧૨૩૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીનાં ફરસાણનાં વેપારી

સાહેદ અરૂણાબેન તથા સાહેદ ગીરીશભાઈ વિગેરે તમામ ત્યાં ઉભેલ હતા. ત્યારે આરોપીએ ગિરધરભાઈ પરશોતમભાઈ મકવાણાને મારી નાખવાની ધમકી આપી ધોકાનો એક ઘા ડાબા હાથે મારી તથા સાહેદ ગીરીશ છોડાવવા આડો પડતા તેને પણ આરોપીએ ધોકાનો ઘા મારી ત્યારબાદ આરોપીએ ગિરધરભાઈ મકવાણાને મારી નાખવાના ઈરાદે ધોકાના આડેધડ ઘા શરીર ઉપર મારી જીવલેણ હુમલો કરી ધકકો મારી પછાડી દઈ બાઈક બુલેટ ઉપર ધોકાના ઘા મારી નુકસાન કરી ગિરધરભાઈને મારી નાખવાના ઈરાદે ધોકાનાં આડેધડ ઘા શરીર ઉપર તેમજ માથાના ભાગે મારી જીવલેણ હુમલો કરી ફેકચર જેવી ઈજાઓ કરી તથા ઢીકાપાટુનો માર મારી મૂંઢ ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ લાઠી પોલીસમાં નોંધાયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં ચકકરગઢ માર્ગ પરનાં

સફાઈ માટે ફકત બે જ કામદાર મુકયા છે. જેથી સફાઈ પણ થતી નથી અને ઠેર ઠેર ગંદકીનાં ગંજ થયા છે. બીજી બાજુ ઘણા સમયથી નગરપાલિકા દ્વારા અપાતા પાણીમાં ખુબ જ દુર્ગંધ આવે છે. આ માટે ઘણીવાર રજુઆત કરતા પણ આ પ્રશ્ન સોલ થયો નથી. જેનાં કારણે આ વિસ્તારમાં ઘરે ઘરે બિમારીનાં ખાટલા છે. અને આ વિસ્તારમાં દવાનો છંટકાવ પણ કરવો જરૂરી છે. આ તમામ પ્રશ્નની રજુઆત અમારા વિસ્તારનાં દરેક સદસ્યને રજુઆત કરેલ છે. છતાં પણ નગરપાલિકા દ્વારા કાંઈ કામ થતું નથી. તો આ વિસ્તારના પ્રશ્નો સોલ કરવા નગરપાલિકા દ્વારા તાકીદે કોઈ નિર્ણય લેવામાં નહી આવે તો આગામી સમયમાં અહિંસક પરંતુ ઉગ્ર આંદોલન શહેરીજનોને સાથે રાખી કરવામાં આવશે. તેમ અંતમાં જણાવેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૭૦૨ | ૩૩૦૦ |
| ૨ | કપાસ | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૩ | બાજરો | ૪૨૧ | ૪૮૫ |

# કુંકાવાવ ખાતે ''વિશ્વ સિંહ દિન''ની ઉત્સાહભેર ઉજવણી









તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવમાં વિશ્વ વસ્તી દિવસ ઉજવણી નિમિત્તે શહેરની તમામ સરકારી ખાનગી શાળા પરિવાર ઉત્સાહભેર જોડાયા હતા. તેમાં તમામ શાળાનાં બાળકો, શિક્ષકોએ રેલી સ્વરૂપે શહેરમાં ફરી જન જાગૃતિનાં સૂત્રો, બેનરો સાથે રેલી યોજી હતી. પણ નોંધ લેવા જેવી બાબત એ હતી. જેની જવાબદારી છે તે જવાબદારી એનજીઓ માથે નાખી હોય તેવું જોવા મળ્યું હતું. જયારે આ તમામ શાળાનાં બાળકો રેલી બાદ વ્રજ વિદ્યાલય ખાતે તાલુકા સંયોજક ઉદયભાઈ દેસાઈ દ્વારા દેશનાં ગૌરવ સમા સિંહ પ્રત્યે લોકોમાં જાગૃતતા આવે અને સિંહ વિશે જાણકારી મેળવીને સિંહ પ્રત્યે પોતાની જવાબદારીની વિગતો રજૂ કરીને સિંહની જાળવણીનાં સપથ લેવડાવ્યાં હતા. આ પ્રસંગે તમામ શાળાનાં બાળકો, શિક્ષકો, આચાર્યો ઉત્સાહ સાથે જોડાઈને વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરીને લોકોને જાગૃત કર્યા હતા. કાર્યક્રમની મુખ્ય જવાબદારી તાલુકા સંયોજક ઉદયભાઈ દેસાઈએ સુંદર રીતે નિભાવી હતી.

### જામનગર જિલ્લાના નરમાણા ગામમાં ફાતિમાબેનનો પર્દાફાશ

# દરગાહની આડમાં ૪૦ વર્ષથી ચાલતી ધતિંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા

### લીલા પૂતળાના ઘોડા બનાવી ઉતાર કરવામાં આવતો હતો



અમદાવાદ, તા. ૧૦

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના નરમાણા ગામમાં દરગાહની આડમાં ૪૦ વર્ષથી દોરા-ધાગા, ઉતાર, દુઃખ-દર્દ મટાડવાના ધતિંગ કરનાર ફાતિમાબેન જુમાશા શેખનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે શેઠ વડાળા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૩૧મો સફળ પર્દાફાશ કર્યો હતો. જાથાની ખબર પડતા આજુબાજુ વિસ્તારના ધતિંગબાજોમાં સોંપો પડી ગયો હતો. ફાતિમાએ કબુલાતનામું આપી જાહેરમાં માંફી માંગી લેતા મામલો થાળે પડી ગયો હતો.

બનાવની વિગત પ્રમાણે જાથાના કાર્યાલયે બે મુસ્લિમે માહિતી આપતા જણાવ્યું કે નરમાણામાં હઝરત ઈસ્માઈલ પીરની દરગાહ આવેલી છે તેમાં વર્ષોથી દોરા-ધાગા, ઉતાર કરવો, રોગ મટાડવા, સંતાન પ્રાપ્તિ, માનતા રખાવી લોકોની સાથે છેતરપિંડી કરવામાં આવે છે. માનવ જીંદગી સાથે ચેડા કરવામાં આવે છે. અમે ભોગ બન્યા છીએ. દરગાહમાં મહિલાને પ્રવેશબંધી છે પરંતુ સેવા કરતી ફાતિમાબેન દરગાહમાં પ્રવેશ કરે છે. લાલ-લીલા દોરા બાંધવા, તાવીજ આપવું તેવી હરકતો કરે છે. લોકોની સાથે શારીરિક, માનસિક, આર્થિક છેતરપિંડી કરી શોષણ કરવામાં આવે છે. હિન્દુઓ જોવડાવવા વધુ જાય છે. પીરની ચમત્કારિક વાતો કરવામાં આવે છે. ધર્મશ્રધ્ધા સાથે ચેડા કરતી મહિલાનો ભાંડાફોડ કરવા આધાર-પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. કુરાનમાં અંધશ્રધ્ધાની કદી વાત કરવામાં આવતી નથી. દરગાહનું નામ બદનામ ન થાય તે માટે મહિલાનો પર્દાફાશ સમાજના હિતમાં હોય તેવી માહિતી આપવામાં આવી હતી. જાથાના ચેરમેન જયંત પંડયાએ માહિતીના આધારે ખરાઈ કરવા બે ડમી કાર્યકરોને રૂબરૂ મોકલતા હકિકતમાં સત્યતા સાબિત થઈ હતી. દવા અને દુઆના નામે લોકો માનતા રાખતા હતા. ગામ આખું ફાતિમાથી નારાજ હતું. જાથાએ પુરાવા મળી જવાથી ભાંડાફોડનું નક્કી થયું.

જાથાના પંડયાએ ગાંધીનગર ઉચ્ચ અધિકારી, જામનગર કલેકટર, એસ.પી.ને ફેકસ કરી મહિલા પોલીસ કર્મીઓ સહિત પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી. જિલ્લા પોલીસ વડાએ શેઠ વડાળા પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલી દીધી. તકેદારી માટે એલ.આઈ.બી.નો સ્ટાફ ફાળવી દીધો હતો.

રાજકોટથી જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ નિકાવાના ભોજાભાઈ ટોયટા, રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, વિનોદભાઈ વામજા, સાહિલ રાજદેવ, ભાનુબેન ગોહિલ, જામજોધપુરના કાર્યકરો નરમાણા ગામમાં દરગાહની બાજુમાં રહેવા સંબંધી વ્યવસ્થા રાખી પોલીસ સ્ટેશને પહોંચી ગયા.

જયાં પીએસઆઈ આર.એલ. ઓડેદરા, એએસઆઈ રામભાઈ ચાવડા, હેડ કોન્સ્ટે. અમૃતલાલ પરમાર, પો.કોન્સ્ટે. સત્યસિંહ વાળા, પો.કોન્સ્ટે. નિરાલીબેન બારાઈ, પો.કોન્સ્ટે. શિલ્પાબેન પરમાર, પો.કોન્સ્ટે. રાજવીરસિંહ પરમાર હાજર હોય દરગાહ બાજુમાં સ્ટાફને ગોઠવી દીધો. જાથાની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ. જયાં જોવાનું કામ ચાલતું હતું. જાથાના જયંત પંડયાએ ફાતિમાબેનને પરિચય આપી દરગાહની આડમાં ચાલતી કપટલીલા કાયમી બંધ કરાવવા આવ્યા છીએ. બે વ્યકિતની પુછપરછ કરી ત્યારે લીલું પુતળું ઘોડાનું હતું તેનો ઉતાર કરતા હતા તે બતાવવામાં આવ્યું. તુરંત દોરા-ધાગા, લાલ-લીલા દોરા, તાવિજ, જુવારના દાણા, માનતાની વસ્તુઓ જાહેરમાં મુકી દીધી. દરગાહમાં મહિલાને પ્રવેશ કરવો નહિં તેવું બોર્ડ માર્યુ હતું. તેવું પુછતાં ફાતિમાએ કહ્યું હું તો દિકરી એટલે પ્રવેશ કરી શકું. અજુગતું લાગતા તુરંત શરણાગતિ કરી કાયમી જોવાનું, દુઃખ-દર્દ મટાડવાનું બંધ કરું છું તેવી ખાત્રી આપવા લાગી. મહિલા પોલીસ કર્મીઓએ જરૂરી ધ્યાન રાખ્યું. એલ.આઈ.બી. એ દરગાહની આજુબાજુ ચહલપહલને નજરમાં રાખી. ફાતિમાબેને ધતિંગલીલાનો બોર્ડ હાથમાં રાખી માફી માંગી લીધી.

જાથાના પંડયાએ રોગ મટાડવાનું લાયસન્સ માગ્યું હતું. માનવ જીંદગી સાથે ચેડા કરવાનો હક્ક નથી તેવી કાયદાકીય સમજ આપી હતી. ફાતિમા વારંવાર માફી માંગતી હતી. કબુલાતનામા માં હું ફાતિમા જુમાશા શેખ, ઉ.વ. ૭૦, રહે. નરમાણા ગામ, દરગાહમાં ૪૦ વર્ષથી દોરા-ધાગા, રોગ મટાડવા, માનતા રખાવવી, ઉપચાર કરવાનું કામ કરું છું. આજથી કાયમી બંધની જાહેરાત કરું છું. બિમાર લોકોની જીંદગી સાથે ખિલવાડ કરીશ નહિ. દરગાહમાં ચાલતી કપટલીલા બંધની ખાત્રી આપી સહી કરી આપી હતી. ગામમાં સોંપો પડી ગયો હતો. આજુબાજુ પંથકમાં જાથાની ખબર પડી જતા ધતિંગબાજોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ગામ નારાજ હોય ભાંડાફોડ કરવા રાજીપો વ્યક્ત કર્યો હતો. રાજકોટ પરત આવતી વખતે દરેક ગામમાં જાથાને મળવા જાગૃતો ઉભા હતા. સમાણા ગામમાં પત્રકાર સહિત જાથા પ્રેમીઓએ સ્વાગત કર્યું હતું.જાથાએ જામનગર જિલ્લા એસ.પી. આઈ.જી.પી. રેન્જ, રાજકોટને પર્દાફાશ સંબંધી માહિતગાર કર્યા હતા. આભાર વ્યક્ત કર્યો હતો. જાથાનો ૧૨૩૧ મો સફળ પર્દાફાશમાં જાથાના વિનોદભાઈ વામજા, રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ, ભાનુબેન ગોહિલ, નિકાવાના ભોજાભાઈ ટોયટા, સ્થાનિક કાર્યકરો, શેઠ વડાળા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર. એલ. ઓડેદરા, એ.એસ.આઈ. રામભાઈ ચાવડા, હેડ કોન્સ્ટે. અમૃતલાલ પરમાર, પો.કોન્સ્ટે. સત્યસિંહ વાળા, પો.કોન્સ્ટે. રાજવીરસિંહ પરમાર, પો.કોન્સ્ટે. નિરાલીબેન બારાઈ, પો.કોન્સ્ટે. શિલ્પાબેન પરમારએ ઉત્તમ કામગીરી બજાવી હતી. રાજયમાં દોરા-ધાગા, ધતિંગની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં


''અમરેલી એકસપ્રેસ''

અમારૂ ઇ-મેઇલ એડ્રેસ

''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



APM TERMINALS Lifting Global Trade.

## ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : પિપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા -૨, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલી, ગુજરાત ૩૬૫ ૫૬૦.

સીઆઈએન : L63010GJ1992PLC018106 ટેલીફોન : ૦૨૭૯૪ ૨૪૨૪૦૦ ફેકસ : ૦૨૭૯૪ ૨૪૨૪૧૩ વેબસાઈટ : www.pipavav.com ઈમેલ : investorrelationinppv@apmterminals.com

**૩૦ જુન, ૨૦૨૩ ના રોજ પુરા થતાં ત્રિમાસિક ગાળાના નાણાંકિય પરિણામોનું નિવેદન**

(રૂપિયા મિલિયનમાં)

| વિગત | સંયુક્ત | | | | અલાયદાં | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ મહિનાના અંતે | અગાઉના ૩ મહિનાના અંતે | અગાઉના વર્ષના સમાન ૩ મહિનાના અંતે | વર્ષના અંતે | ૩ મહિનાના અંતે | અગાઉના ૩ મહિનાના અંતે | અગાઉના વર્ષના સમાન ૩ મહિનાના અંતે | વર્ષના અંતે |
| | 30/06/2023 (અનઓડિટેડ) | 31/03/2023 (અનઓડિટેડ) | 30/06/2022 (અનઓડિટેડ) | 31/03/2023 (ઓડિટેડ) | 30/06/2023 (અનઓડિટેડ) | 31/03/2023 (અનઓડિટેડ) | 30/06/2022 (અનઓડિટેડ) | 31/03/2023 (ઓડિટેડ) |
| કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી) | 2,149.18 | 2,347.28 | 2,065.53 | 9,169.50 | 2,149.18 | 2,347.28 | 2,065.53 | 9,169.50 |
| સાધારણ કામગીરીમાંથી કરવેરાની ચુકવણી પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) (અપવાદરૂપ બાબતોને બાદ કરતાં) | 659.12 | 848.66 | 575.25 | 2,924.50 | 678.26 | 981.34 | 593.39 | 3,138.15 |
| પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી (શેરદીઠ રૂ. ૧૦ના ફેસ વેલ્યુ) | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 |
| અગાઉના હિસાબી વર્ષના અગાઉના વર્ષની બેલેન્સ શીટ મુજબ અન્ય ઈક્વિટી | - | - | - | - | - | - | - | - |
| શેરદીઠ આવક (અપવાદરૂપ ચીજવસ્તુઓ અગાઉ અને પછી) (દરેક રૂ. ૧૦/-ના) (એન્યૂલાઈઝ નહીં) | | | | | | | | |
| બેઝિક : | 1.36 | 1.74 | 1.19 | 6.04 | 1.40 | 2.02 | 1.23 | 6.48 |
| ડાઈલ્યુટેડ : | 1.36 | 1.74 | 1.19 | 6.04 | 1.40 | 2.02 | 1.23 | 6.48 |

નોંધ : સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જીસમાં ફાઈલ થયેલા ત્રિમાસિક ગાળાને અંતે નાણાકીય પરિણામોની વિગતવાર ફોર્મેટનો સાર ઉપર રજૂ થયો છે. ત્રિમાસિક ગાળાને અંતે નાણાકીય પરિણામોની સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટો (www.besindia.com અને www.nseindia.com) તથા કંપનીની વેબસાઈટ www.pipavav.com પર ઉપલબ્ધ છે.

ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ માટે

સ્થાન: નવી દિલ્હી ગીરીશ અગ્રવાલ

તારીખ: ૯ ઓગસ્ટ, ૨૦૨૩ મેનેજિંગ ડિરેક્ટર


### સાવરકુંડલા નજીક આવેલ

## વીજપડી ખાતે ''મેરી મીટ્ટી, મેરા દેશ'' અંતર્ગત દેશભકિતનાં કાર્યક્રમો યોજાયા

### સ્થાનિક આગેવાનો ઉત્સાહભેર જોડાયા



વીજપડી, તા.૧૦

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ''મેરી મીટ્ટી, મેરા દેશ'' કાર્યક્રમ અંતર્ગત શહીદોને શ્રધ્ધાંજલિ માટે શીલા ફલકમ માટીના દીવા સાથે સેલ્ફી. પંચપ્રાણ પ્રતિજ્ઞા ૭૫ રોપાની અમૃતવાટિકા બનાવી, વસુધા વંદન, વીરોને વંદન અને ધ્વજારોહણ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ અને આ તકે સાવરકુંડલા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિજયભાઈ ચાવડા વીજપડી ગ્રામ પંચાયતના સરપંચ ભરતભાઈ ગીગૈયા, સાવરકુંડલા તાલુકા ભાજપના મહામંત્રી નીતિનભાઈ નગદીયા, તાલુકા ભાજપના ઉપપ્રમુખ હરેશભાઈ ભુવા તેમજ ગામના આગેવાનો આંગણવાડી સ્ટાફ અને શાળા સ્ટાફ અને વિદ્યાર્થી ભાઈઓ-બહેનો હાજર રહયા હતા.


''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### પાલિકા દ્વારા એલઈડી લગાવાતા

## સાવરકુંડલાનાં કોલેજ માર્ગ ઉપર બ્રહ્મપુરી સુધી રોશનીનો ઝગમગાટ

### પાલિકાનાં પ્રમુખનો આભાર માનવામાં આવ્યો

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા શહેરી વિસ્તારમાં નગરપાલિકાનાં પ્રમુખ પતિ રાજુભાઈ દોશીનાં જન્મદિવસ અને વોર્ડ નંબર ૬ ખાતે નવી નકોર સ્ટ્રીટ લાઈટોથી આખો ગુરૂકુળથી લઈને કોલેજ સુધીનો માર્ગ રોશનીથી જળહળતો થઈ જતાં આ વિસ્તારના સ્થાનિક ભાજપનાં અગ્રણીઓ ધ્વારા પાલિકા પ્રમુખ પતિ રાજુભાઈ દોશીને શુભેચ્છા આપવા એકત્રીત થયેલા હતા. સાવરકુંડલા શહેરી વિસ્તાર વોર્ડ નં. ૬નાં ગુરૂકુળ-કોલેજ રોડ ઉપર બ્રહ્મપુરી સુધી એલઈડી લાઈટથી ઝળહળતા થયા હતા. ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે સાંસદ તેમજ ધારાસભ્ય અને પાલિકાનાં હોદેદારોનો આભાર માન્યો હતો.

સાવરકુંડલા શહેરી વિસ્તારમાં વોર્ડ નં. ૬ નાં લોકોની સુખાકારીના ભાગરૂપે રાત્રીનાં મેઈન રસ્તાઓમાં લોકોને વધુ લાઈટ સુવિધા મળે તે માટે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યુડીપી ૨૦૧૯/૨૦ની બચત રકમમાંથી કન્યા છાત્રાલય પાસેથી કોલેજના ગેઈટ બ્રહ્મપુરી સુધી એલઈડી સ્ટ્રીટલાઈટ ઝળહળી ઉઠી હતી. ગુરૂકુળ-કોલેજ રોડ-બ્રહ્મપુરી સુધી એલઈડી લાઈટથી ઝળહળતા આ રોડ ઉપર આવેલ સોસાયટીનાં રહેવાસીઓ તેમજ રાહદારીઓમાં હર્ષની લાગણી પ્રસરી છે. આ પ્રસંગે પાલિકા પ્રમુખ પતિએ આગામી દિવસોમાં રોડ રસ્તા અને સ્ટ્રીટલાઈટ સાથે પાણીની પણ કરોડો રૂપિયાનાં વિકાસનાં કામો શરૂ થવાના હોય જે વિકાસની નવી કેડી સાવરકુંડલા ભાજપ શાસિત નગરપાલિકા ધ્વારા થવાનું જણાવ્યું હતું.

### રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતાઓ

## એક્ટિવ સિસ્ટમ ન હોવાથી ગુજરાતમાં ક્યાંય ભારે વરસાદની આગાહી નથી

અમદાવાદ, તા.૧૦

હવામાન વિભાગે રાજ્યમાં રાજ્યમાં હાલ કોઈ વરસાદની એક્ટિવ સિસ્ટમ ન હોવાનું જણાવીને ભારે વરસાદની સંભાવનાઓ નકારી છે. આવામાં રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતાઓ પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેમાં એકાદ ભાગમાં સામાન્ય વરસાદ પણ થવાની શક્યતાઓ છે.

અમદાવાદ અને ગાંધીનગરમાં પણ હળવા વરસાદી ઝાપટાં થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. જેમાં આજે સવારે શહેરના કેટલાક ભાગોમાં ઝરમર-ઝરમર વરસાદ થયો હતો. હાલ રાજ્યમાં વરાપ છે ત્યારે ખેડૂતો માટે સારી ખબર છે, કારણ કે ત્રણ રાઉન્ડમાં થયેલા ભારે વરસાદના કારણે ખેતીના જરુરી કામ અટકી પડ્યા હતા. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતી દ્વારા રાજ્યમાં કેવો વરસાદ રહેશે તેવી સંભાવના બુધવારે વ્યક્ત કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં મોટાભાગે હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી, ડૉ. મોહંતીએ રાજ્યમાં છૂટોછવાયો વરસાદ અઠવાડિયા દરમિયાન રહેવાની આગાહી કરી હતી. હવામાન વિભાગે કરેલી આગાહીમાં આજના દિવસે દમણ, દાદરા નગર હવેલી, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, કચ્છ અને દીવમાં હળવો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

આ પછી પણ ૧૬ ઓગસ્ટ સુધી રાજ્યના આ ભાગોમાં તથા ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે, હવામાન વિભાગ દ્વારા ક્યાંય ભારે વરસાદની શક્યતાઓ ન હોવાનું જણાવવામાં આવ્યું છે.

# સાજીયાવદર ખાતે ''મારી માટી, મારો દેશ'' માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ સંપન્ન



આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી ''મારી માટી મારો દેશ'' માટીને નમન વીરોને વંદન'' કાર્યક્રમ યોજાઇ રહયા છે. અમરેલી તાલુકાના સાજીયાવદર ગામની પ્રાથમિક શાળા ખાતે ''મારી માટી મારો દેશ'' માટીને નમન વીરોને વંદન કાર્યક્રમ સંપન્ન થયો હતો. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઇ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતુ. સૌ ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપીને હાથમાં માટી લઈને પંચપ્રાણ પ્રતિજ્ઞા લીધી હતી. વસુધા વંદન અંતર્ગત ૭૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ. ગામના નિવૃત ફૌજી હરેશભાઈ ધાધલનું સન્માન કરવામાં આવ્યું હતુ, તેમના સન્માનની સાથે સૌએ દેશના વીર-વીરાંગનાઓને વંદન કરી રાષ્ટ્ર પ્રત્યેના તેમના કાર્યો માટે કૃતજ્ઞતા અનુભવી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી રાષ્ટ્રવ્યાપી આ મહા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતના ગામડાઓમાં અંદાજે દોઢ કરોડ લોકો જોડાશે. આ ઉપરાંત વિવિધ વિસ્તારોમાં અંદાજે ૧૦ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. દેશના ૨.૫ લાખથી વધુ ગામોની માટી દિલ્હી ખાતે લઈ જઈને વીર-વીરાંગનાઓના સન્માનમાં અને વંદન અર્થે ભવ્ય અને દિવ્ય અમૃત વાટિકાનું નિર્માણ કરવામાં આવશે. આવો સૌ સાથે મળીને વીર-વીરાંગનાઓના સન્માનમાં હાથમાં દીવો લઈ અથવા વૃક્ષારોપણ કરી કે પછી માટી હાથમાં લઈને પોતાની સેલ્ફી કિલક કરી https://merimaatimeradesh.gov.in/step વેબસાઈટ પર અપલોડ કરીને આ કાર્યક્રમમાં સહભાગી બનીએ.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફ્રેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફ્રેકચરની અધતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફ્રેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
NCT NETRA CHIKITSA TRUST
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## ઈફ્કોનાં ચેરમેન દિલીપ સંઘાણી અને લેઉવા પટેલ સમાજનાં કર્મશીલ આગેવાનોનો નિર્ણય

# અમરેલીમાં સાકાર પામશે પટેલ સમાજની અત્યાધુનિક વાડી

પટેલ સમાજનાં પરિવારો વિવિધ સામાજિક પ્રસંગો ઓછા ખર્ચે માણી શકે તેવું ઉમદા હેતુથી અત્યાધુનિક વાડીનું નિર્માણ કરાશે

અમરેલી શહેરને જોડતા રાજમાર્ગ પર વાડીનું નિર્માણ કરવાનો નિર્ણય થયો જેનાથી સૌને સરળતા રહે

સમગ્ર દેશમાં નમૂનારૂપ બને તેવી અતિ આધુનિક સુવિધાસભર વાડી બનાવાશે

પટેલ કન્યા છાત્રાલય ખાતે પટેલ સમાજનાં આગેવાનોની બેઠક યોજાઈ



અમરેલી, તા. ૧૦

લેઉવા પટેલ સમાજની મહાન પરંપરાની ઐતિહાસિક ધરોહર અમરેલી છે. અમરેલીમાં પટેલ સમાજના પરિવારો વિવિધ સામાજિક પ્રસંગો ઓછા ખર્ચે માણી શકે એ માટે ભવ્યાતિભવ્ય અને અત્યાધુનિક વાડીના નિર્માણ માટેની આયોજન બેઠક સમાજનાં મોભીઓ અને દિલીપભાઈ સંઘાણીનાં વડપણ હેઠળ યોજવામાં આવી.

અમરેલી શહેરનાં કેરિયા રોડ સ્થિત પટેલ કન્યા છાત્રાલયમાં યોજાયેલ આયોજન બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. આજના સમયની જરૂરિયાત અને આગામી સમયની અત્યાધુનિકતાને પારખીને સુંદર અને કલાત્મક પટેલ સમાજનું પરિસર બનાવવું. જેમાં સામાજિક વિવિધ પ્રસંગો ખાસ કરીને લગ્ન જેવા મોટા પ્રસંગો ઉજવી શકાય એ અનુસંધાને ભવનનું નિર્માણ કરવું. સમયાનુસાર સામાજિક, શૈક્ષણિક અને

અનુસંધાન પાના ૬ ઉપર

### પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા

## અમરેલીનાં જીએસટી કૌભાડનાં કેસનાં આરોપીનાં આગોતરા જામીન મંજુર

**બચાવપક્ષે એડવોકેટ હરનીલ ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા.૧૦

અમરેલીનાં જી.એસ.ટી.કૌભાડનાં આરોપી અબ્બાસ ઈસુબભાઈ બીલખીયા, રે.અમરેલી વિરૂધ્ધ અમરેલી સીટી પોલીસ સ્ટશેનમાં ઉપરોકત ગુન્હાની વિગત આઈ.પી.સી.ની કમલ-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૩૪, ૧૨૦(બી) તથા આઈ.ટી. એકટની કલમ ૬૬(સી) ૬૬(ડી) મુજબની ફરીયાદ તા. ૧૪/૦૭/૨૦૨૩ ના રોજ ફરીયાદ



નોંધાયેલ હતી.

વિગતે જોવામાં આવે તો આ કામનાં આરોપીઓએ એકબીજાના મીલાપીપણામાં એનએસડીએલ ની આઈ.ડી. લોગીન કરી અને ઓ.ટી.પી. નાખી અને આધાર કાર્ડ બનાવવાની કામગીરી કરતા અને ગર્વમેન્ટની વેબસાઈટમાં લોગીન કરી પાનકાર્ડ તથા આધારકાર્ડ નાખી અને કુલ ૧૭૩ જેટલા જી.એસ.ટી. રજીસ્ટ્રેશન

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલા : પીજીવીસીએલ દ્વારા વીજ અકસ્માતનું ઝળુંબતુ જોખમ

રાજુલા, તા. ૧૦

રાજુલા શહેરમાં પીજીવીસીએલ વિભાગ દ્વારા આડેધડ વીજપોલ ઉભો કરાતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો. રાજુલા સીટી ખાતે જાહેર માર્ગ પર ઈલેકટ્રીક પોલ હટાવવા માટે જાફરાબાદનાં સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ (એન.જી.ઓ.)નાં નેશનલ ચેરમેન એચ.એમ. ઘોરી દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆતમાં જણાવેલ કે, રાજુલા શહેરમાં મુખ્ય માર્ગ પર પીજીવીસીએલ દ્વારા ઈલેકટ્રીક પોલ નાખવામાં આવેલ છે. તેની બાજુમાં રિલાયન્સ ટ્રેન્ડ (કપડાંનો મોલ) તેમજ અન્ય દુકાનો તેમજ બેંક ઓફ બરોડા અને અન્ય દુકાનો આવેલ છે. તેમજ સતત ટ્રાફિક વાળો રસ્તો છે. મહિલાઓ, સિનિયર સિટિઝનો, નાના બાળકો તથા વાહનોની અવરજવર હોય ને પીજીવીસીએલ દ્વારા પોલ ઉભા કરીને ઝળુંબતું જોખમ ઉભું કરી રહેલ


નવી જગ્યા ઉપર હાલ ટ્રાન્સફોર્મર ફીટ કરવા માટે પોલ ઉભા કરેલ છે તે સ્થળ

હોય આ જોખમ કોઈનું મોતનું કારણ બને તો જવાબદાર કોણ ? અકસ્માત થવાથી જાહેર જનતાને તેમજ આજુબાજુની દુકાનોને, માલસામાનને નુકસાન થાય તો જવાબદારી કોની ? સ્થાનિક લોકો દ્વારા અવારનવાર રજૂઆતો છતાં પણ પીજીવીસીએલનું પેટનું પાણી પણ ન હલતું હોય તેવી પણ લોકમુખે ચર્ચાઓ દેખાતું ઝળહળતું મોતનો પરવાનો ગોડવતું પીજીવીસીએલ જનતા જનાર્દનને થતી

અનુસંધાન પાના ૬ ઉપર

## ડુંગળી વેરાણી ચોકમાં



અમરેલીનાં ચકકરગઢ રોડ ઉપર રોડ સાઈડ કોન્ટ્રાકટરે ખોદી નાખ્યા બાદ તેમાં અનેક રજૂઆતો છતાં પુરાણ કોન્ટ્રાકટર ધ્વારા કરવામાં નહી આવતાં ત્યાં આસપાસ વાડી-ખેતરો ધરાવતા ખેડૂતોએ સ્વખર્ચે માટી નાખી અને વાહન ચાલે તેવો રસ્તો બનાવ્યો હતો. ત્યારે ખેડૂતો ડુંગળી વેચવા માટે ટ્રક ભરીને માર્કેટયાર્ડમાં વેચવા જતાં હતા ત્યાં જ ડુંગળી ભરેલ ટ્રક પુરાણ કરેલ ખાડામાં પલ્ટી જતાં ટ્રકમાં ભરેલ ડુંગળી વેરાય જવા પામતા ખેડૂતોને નુકસાન સહન કરવાનો વખત આવ્યો છે.

### એસ.પીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## જાફરબાદ પંથકમાં ચોરી કરનાર ૨ ઈસમોની અટકાયત કરાઈ

**આરોપી શબ્બીરભાઈ અને વસીમભાઈની અટકાયત**

અમરેલી, તા. ૧૦

જાફરાબાદ પોલીસ ઈન્સ. એ.એમ. દેસાઈ તથા પો.સ.ઈ. જે.કે. મોરીએ જરૂરી સુચના તથા માર્ગદર્શન અનુસંધાને જાફરાબાદ પોલીસ ટીમ પેટ્રોલીંગા દરમ્યાન જાફરાબાદ બજારમાંથી ચોકકસ બાતમી આધારે શબ્બીરભાઈ ઉર્ફે પચ્ચીસ અલીભાઈ થૈયમને પકડી પાડી, સઘન પુછપરછ કરતા જાફરાબાદ એન્જલ પ્લાઝા કોમ્પલેક્ષમાં ગોપાલ નમકીન નામની દુકાનનું શટર તોડી ગલ્લામાંથી આશરે રોકડ રૂા. ૫,૦૦૦ ની ચોરી કરી લઈ જઈ ગુન્હો કર્યા કબુલાત કરતા આરોપી વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહી કરેલ છે.

જયારે બીજા બનાવમાં કોઈ અજાણ્યો ચોર ઈસમે ગત તા.૩ થી તા. ૮ સમય દરમ્યાન કોઈ પણ સમયે જાફરાબાદ નગરપાલીકાનાં શાકભાજીના થડાઓ તોડી ઘડાઓમાંથી આશરે રોકડ રૂા. ૫૩૦૦ ની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ નોંધાયેલ હતી જે બનાવમાં આરોપી વસીમભાઈ હારૂનભાઈ કુરેશી રહે. જાફરાબાદ વાળની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૭૬૯૯૨

### સ્થાનિકોએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

## અમરેલીનાં ચક્કરગઢ માર્ગ પરનાં રહેણાંક વિસ્તારની સમસ્યા દુર કરો

**ગંદકી, ડહોળુ પાણી સહિતની સમસ્યા વિકરાળ બની**

અમરેલી, તા. ૧૦

અમરેલીનાં ચકકરગઢ માર્ગ પર આવેલ માધવપાર્કના રહેવાસીઓએ સામુહિકરૂપે ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

ચાલુ વર્ષમાં નગરપાલિકાનાં વેરામાં અસહ્ય વધારો આવેલ છે. જેથી નાના માણસો તેમજ મધ્યમ વર્ગનાં પરીવારોને ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. એક તરફ ઘટતી જતી આવક, બીજી તરફ વધતી જતી મોંઘવારીમાં રોજે રોજનું પેટીયું રળી ખાતા લોકો તેમજ મધ્યમ વર્ગનાં પરીવારોની હાલત ખરાબ થઈ છે.

વધુમાં જણાવેલ છે કે, ચકકરગઢ રોડ, માધવ પાર્ક સોસાયટીની અંદર ઘણા સમયથી

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)